Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૪ મું. અંક ૨–૩ | : માર્ગશીર્ષ–પોષ : | વીર સં. ૨૪૭૪ વિ. સં. ૨૦૦૪

# આત્મા થાજો ઉતાવળા.

ત્હારે વિસામાના દૂર દૂર આરા, જાતા તું જોજે આત્મા મ્હારા;
હળવે હાલે ન પહોંચાય, આત્મા થાજો ઉતાવળા. ૧

ત્હારે રે સુખના દૂર દૂર દહાડા, આડે પડ્યા છે કર્મના જાળા;
અન્તરની આંખે દેખાય, આત્મા થાજો ઉતાવળા. ૨

જુગજૂની બેડીઉં કર્મની ત્હારે, ભારે ને હળવી કેમ કરી મ્હાલે?
જાગીને જો તું જનાબ, આત્મા થાજો ઉતાવળા. ૩

ત્હારે કરવાના છે કર્મથી ન્યારા, ત્હારા પ્રદેશને આત્મા પ્યારા;
ત્હારા વીર્યને ફોરવ, આત્મા થાજો ઉતાવળા. ૪

ત્હારી રે આસપાસ કુટુમ્બકબિલા, દોલત ને કીર્તિ કર્મની માયા;
અન્તે આ તનની છે રાખ, આત્મા થાજો ઉતાવળા. ૫

મુનિ શ્રી રુચકવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ईश्वरस्वरूप

न द्वेषी है न रागी है, सदानंद वीतरागी है।
वह सब विषयों का त्यागी है, जो ईश्वर है सो ऐसा है ॥ टेक ॥

न खुद घट-घटमें जाता है, मगर घट घट का ज्ञाता है।
वह सत उपदेशदाता है, जो ईश्वर है सो ऐसा है ॥ १ ॥

न कर्ता है न हर्ता है, नहीं अवतार धरता है।
मारता है न मरता है, जो ईश्वर है सो ऐसा है ॥ २ ॥

ज्ञान के नूर से पुर नूर है, है जिसका नहीं सानी।
सरासर नूर नूरानी, जो ईश्वर है सो ऐसा है ॥ ३ ॥

न क्रोधी है न कामी है, न दुश्मन है न हामी है।
वह सारे जग का स्वामी है, जो ईश्वर है सो ऐसा है ॥ ४ ॥

वह जाते पाक है दुनियां, के झगड़ों से मुबर्रा है।
आलिमुल ग़ैब है वे ऐब, जो ईश्वर है सो ऐसा है ॥ ५ ॥

दयामय है, शान्ति रस है, परम वैराग्य मुद्रा है।
न जाबिर है न काहिर है, जो ईश्वर है सो ऐसा है ॥ ६ ॥

निरंजन निर्विकारी है, निजानंद रस विहारी है।
सदा कल्याणकारी है, जो ईश्वर है सो ऐसा है ॥ ७ ॥

न जगजंजाल रचता है, करम फल का न दाता है।
वह सब बातों का ज्ञाता है, जो ईश्वर है सो ऐसा है ॥ ८ ॥

वह सच्चिदानंदरूपी है, ज्ञानमय शिवस्वरूपी है।
सदा कल्याणकारी है, जो ईश्वर है सो ऐसा है ॥ ९ ॥

जिस ईश्वर के ध्यान सेती, बने ईश्वर कहे न्यामत।
वही ईश्वर हमारा है, जो ईश्वर है सो ऐसा है ॥ १० ॥

राजमल भण्डारी–आगर ( मालवा )



For Private And Personal Use Only

[illegible]

( રાગઃ—જેસલ કરી લે વિચાર. )

જીવન તરંગી છે ભાઇ, ઉથલપાથલ કંઇક થાય,
નહિં કોઇને સમજાય, વિકલ્પ જાલે ફસાય;
ચાલોને એનો વિચાર કરીએ રે,
એનાં ઇનસાફ મુજબ ચાલીએ રે હોજી. એ ટેક. ૧
કર્મ ઇનસાફ જણાય, અંતર કાંટે તોળાય;
જેવાં પરિણામ થાય, તેવું કર્મ બંધાય. ચાલોને૦ ૨
મનમાં પાપ વિચારાય, તનથી પાપો કરાય;
વચન જેવાં વદાય, તેવું કર્મ બંધાય. ચાલોને૦ ૩
શુભ ભાવના થાય, પુન્ય કર્મ બંધાય;
અશુભ ભાવો કરાય, પાપ કર્મ બંધાય. ચાલોને૦ ૪
જેવી ભાવના થાય, પુદ્ગલ તેવા બંધાય;
આવે ઉદયમાં ત્યાંય, તેનાં ફળ ભોગવાય. ચાલોને૦ ૫
કર્મથી રંક થાય રાય, એ તો અદલ એનો ન્યાય;
પરિણામ ત્યાં તો જણાય, વાવ્યું તેવું લણાય. ચાલોને૦ ૬
કર્મ કળ્યું ન કળાય, એની કળા ન્યારી જણાય;
છતાં ન્યાય હે સદાય, નગર ચોપડે લખાય. ચાલોને૦ ૭
કર્મો જેવાં કરાય, ફળ તેવાં પમાય;
શુભે સુખ જ થાય, અશુભે દુઃખ નોતરાય. ચાલોને૦ ૮
એક ધનવાન થાય, બીજો ભીખ માંગી ખાય;
એનો સમજવો ન્યાય, કર્મનાં ખેલ બધાય. ચાલોને૦ ૯
રાગ દ્વેષ જ્યાં થાય, અજ્ઞાન ત્યાં પોષાય;
મોહમાં જીવ ફસાય, કર્મ આશ્રવ થાય. ચાલોને૦ ૧૦
રાગ દ્વેષ રોકાય, સંવર ભાવ સજાય;
ઉપશમ યોગ સધાય, સંકલ્પ શાંતિ છવાય. ચાલોને૦ ૧૧
હર્ષ શોક ન થાય, ઉદય સકાય વેદાય;
નિરજરા કર્મની થાય, બંધન મુક્ત થવાય. ચાલોને૦ ૧૨
ઉપયોગ આત્મ રખાય, પરભાવ ત્યાગ કરાય;
શુદ્ધ સ્વરૂપ સમજાય, આત્મ આનંદ જણાય. ચાલોને૦ ૧૩
વિશ્વ પ્રેમ પમાય, આત્મશાંતિ સધાય;
સંસાર બંધન જાય, ચિદ્ જ્યોતિ જીરવાય. ચાલોને૦ ૧૪
માનવ જીવનમાંય, પુરુષાર્થ એવો કરાય;
આત્મધર્મ પમાય, 'અમર' પદ સધાય. ચાલોને૦ ૧૫

**અમરચંદ માવજી શાહ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિશ્ચય-વ્યવહાર.

લેખકઃ—**આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.**

નિશ્ચય તાત્ત્વિક વસ્તુને માને છે ત્યારે વ્યવહાર વપરાશમાં આવતી વસ્તુને માને છે; નિશ્ચય સૂક્ષ્મ બુદ્ધિનો વિષય છે અને વ્યવહાર સ્થૂળ બુદ્ધિવાળી સામાન્ય જનતાનો વિષય છે; નિશ્ચય મૂળ પ્રકૃતિને પ્રધાનતા આપે છે અને વ્યવહાર વિકૃતિને પ્રધાનતા આપે છે. આમ હોવા છતાં પણ બંનેમાંથી એકેય અગ્રાહ્ય કે અમાન્ય હોઇ શકે નહિ; કારણ કે બંનેય પ્રત્યેક વસ્તુમાં સંકળાઇને રહેલા છે, માટે તે વસ્તુસ્વરૂપના સાધક છે. એકનો પણ અભાવ હોય તો સંપૂર્ણ વસ્તુ જાણી શકાય નહિ. દ્રવ્ય-પર્યાય, સામાન્ય-વિશેષ, તથા જ્ઞાન-ક્રિયા આદિના ઉપનામથી પણ બંને નયો પોતાને ઓળખાવે છે.

દુનિયામાં સામાન્ય જનતા ભમરાને કાળો અને બગલાને ધોળો માને છે ત્યારે નિશ્ચય દૃષ્ટિ બંનેમાં પાંચે વર્ણને માને છે; કારણ કે લોક તો વ્યવહારદૃષ્ટિ રહ્યા એટલે દેખાય તેવું કહે, એટલે ભમરામાં કાળા વર્ણની અને બગલામાં ધોળા વર્ણની અધિકતા હોવાથી તેમ માને છે અને કહે છે, પણ નિશ્ચય નય તો તાત્ત્વિક દૃષ્ટિ હોવાથી દેખાય તેવું માનતો નથી. નિશ્ચયનું માનવું છે કે ભમરો તથા બગલાનું શરીર પુદ્‌ગલ પરમાણુઓના સ્કંધ-સ્વરૂપ છે માટે જે પુદ્‌ગલ સ્કંધોથી તેમનાં શરીર બનેલાં છે તેમાં પાંચે વર્ણ હોય છે. પણ શરીરપણે પરિણમેલા પુદ્‌ગલસ્કંધમાં એક જ વર્ણ હોતો નથી, માટે ભમરો તથા બગલું પાંચે વર્ણવાળું છે.

આ પ્રમાણે પારમાર્થિક તથા અપારમાર્થિક અથવા તો તાત્ત્વિક તથા અતાત્ત્વિક દૃષ્ટિવાળા બંને નયોમાંથી તાત્ત્વિક દૃષ્ટિવાળો નિશ્ચય નય શુદ્ધ તથા અશુદ્ધ એમ બે પ્રકારનો છે. આ બંને પ્રકારમાં નિશ્ચય સ્વરૂપ મૂળ વસ્તુમાં પરિવર્તનથી ભિન્ન ગુણ-ધર્મવાળી વસ્તુના સંયોગ-વિયોગને લઇને શુદ્ધાશુદ્ધ માનવામાં આવે છે. જેમકે આત્માને કેવળજ્ઞાનસ્વરૂપ માનવો તે શુદ્ધ નિશ્ચયની દૃષ્ટિનો વિષય છે અને આત્માને મતિજ્ઞાની માનવો તથા કહેવો તે અશુદ્ધ નિશ્ચય નયનો વિષય છે. આ સ્થળે આત્માને જે શુદ્ધા-શુદ્ધનું વિશેષણ લગાડવામાં આવે છે તે સ્વરૂપથી નથી પણ પરરૂપથી છે. અર્થાત્ નિશ્ચય શબ્દ તો આત્માને ઓળખાવે છે અને શુદ્ધ તથા અશુદ્ધ કર્મના આવરણ( ઉપાધિ )ના બોધક છે. આવરણના ક્ષયોપશમને લઇને આત્માને મતિજ્ઞાની કહેવામાં આવે છે. એટલે નિશ્ચય ( આત્મા ) અશુદ્ધ કહેવાય છે અને આવરણનો ક્ષય થવાથી નિશ્ચય ( આત્મા ) શુદ્ધ કહેવાય છે, અશુદ્ધની અપેક્ષાથી શુદ્ધ અને શુદ્ધની અપેક્ષાથી અશુદ્ધનો મૂળ વસ્તુમાં વિકલ્પ કરવામાં આવે છે અને તે વિજાતીય વસ્તુના સંસર્ગરૂપ ઉપાધિને લઇને છે. જડ સ્વરૂપ કર્મ અને આત્મા બંને ભિન્ન ધર્મવાળી વસ્તુઓ છે અને તે અનેક પ્રકારના સંયોગોમાં ભેગી ભળવાથી ભિન્ન-ભિન્ન પરિણામોમાં પરિણમતા છતાં પણ પોતપોતાના ગુણ-ધર્મરૂપ સ્વરૂપને છોડતી નથી કારણ કે વસ્તુઓની ઓળખાણ તેમનામાં રહેલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસાધારણ ગુણ-ધર્મને લઇને થાય છે કે જે ગુણધર્મો વસ્તુઓમાં અભેદ સ્વરૂપથી રહેલાં છે. કેવળજ્ઞાન અભેદ સ્વરૂપે આત્માને ઓળખાવે છે, અર્થાત્ આત્મા કેવળજ્ઞાન-સ્વરૂપ છે. તે કર્મના આવરણરૂપ ઉપાધિથી પણ બદલાતો નથી; પરંતુ જડ સ્વરૂપ વિજાતીય દ્રવ્યના સંસર્ગથી મતિજ્ઞાનના વિકલ્પને લઇને આત્મા અશુદ્ધ કહેવાય છે. મતિજ્ઞાનરૂપ ગુણ અશુદ્ધ હોવાથી તે ગુણવાળો આત્મા પણ અશુદ્ધ અને તેને લઇને તે નામવાળો નિશ્ચય નય પણ અશુદ્ધ કહેવાય છે. જ્યારે આવરણનો ક્ષય થાય છે ત્યારે કેવળજ્ઞાનસ્વરૂપ શુદ્ધ ગુણ પ્રગટે છે અને તેના અંગે ગુણી આત્મા પણ શુદ્ધ હોવાથી નિશ્ચય નય પણ શુદ્ધ કહેવાય છે. વસ્તુ માત્ર નિરંતર પોતપોતાના ગુણધર્મ પ્રમાણે વર્તે જ છે, કારણ કે વસ્તુનો સ્વભાવ બદલાતો જ નથી. અને જો તેનો સ્વભાવ બદલાય--નષ્ટ થાય તો તે વસ્તુનો પણ નાશ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. જો કે આવરણની ઉપાધિથી મૂળ વસ્તુ જુદારૂપે ઓળખવામાં આવે છે તો યે વસ્તુસ્વભાવ સર્વથા ભિન્નરૂપે ઓળખાતો નથી તેમજ ભિન્નરૂપે વસ્તુ ઓળખાવા છતાં પોતાની સત્તા છોડતો નથી. જેમકે-કેવળજ્ઞાન આત્માનો સ્વભાવ છે તે આવરણની ઉપાધિને લઇને મતિજ્ઞાનના વિકલ્પથી ઓળખાય છે અને તેના અંગે આત્મા મતિજ્ઞાની કહેવાય છે. આવી સ્થિતિમાં પણ કેવળજ્ઞાનની સત્તા તો કાયમ જ રહે છે, ફક્ત ઉપાધિને લઇને કેવળના સ્થાનમાં મતિનો માત્ર વિકલ્પ કરવામાં આવે છે અને તે વિકલ્પને જ નિશ્ચય નય અશુદ્ધ તરીકે ઓળખાવે છે. આવી જ રીતે અવગાહ આપવાના ગુણવાળું આકાશ કહેવાય છે તે જેમ જ્ઞાન જ્ઞેય માત્રને જાણે છે તેમ અવગાહ આધેય માત્રને ધારણ કરે છે, ત્યાં શુદ્ધાશુદ્ધ જેવું કાંઇપણ હોતું નથી, પણ આવરણની ઉપાધિને લઇને પરિમિત જ્ઞાનના સૂચક મતિજ્ઞાનના વિકલ્પથી, અને ઘટાદિની ઉપાધિને લઇને પરિમિત અવગાહનો સૂચક ઘટાવગાહના વિકલ્પથી આત્માને મતિજ્ઞાની અને આકાશને ઘટાકાશ તરીકે ઓળખાવનારો અશુદ્ધ નિશ્ચયનય છે. જ્યારે આવરણની તથા આધેયરૂપ ઘટાદિની ઉપાધિ નષ્ટ થાય છે ત્યારે નિશ્ચયરૂપ આત્મા તથા આકાશ શુદ્ધ કહેવાય છે. ગુણ-ગુણીને અભેદ દૃષ્ટિથી જોનારા નિશ્ચયમાં કોઇ પણ વિકલ્પને અવકાશ હોતો નથી અર્થાત્ નિશ્ચયનય વિકલ્પ વગરનો છે. કડાં-કંઠી-કંકણ આદિ ઘરેણાંઓમાં પોતે તો સુવર્ણને જ જુએ છે, અને મનુષ્ય તથા દેવ આદિ ગતિઓમાં કેવળજ્ઞાનસ્વરૂપ જ આત્માને ઓળખે છે. પ્રત્યેક ક્ષણમાં થવાવાળી વિક્રિયાઓ તથા વિશિષ્ટતાઓને અતાત્ત્વિક સમજે છે. વસ્તુતઃ પરિણામોને પ્રધાનતા આપતો નથી પણ પરિણામી સત્ પારમાર્થિક દૃષ્ટિથી તેને જ પ્રધાનતા આપે છે. પોતે સત્સ્વરૂપ હોવાથી ઓપાધિક અશુદ્ધિથી અભડાતો નથી અર્થાત્ અંતરંગથી ઉપાધિને સ્પર્શતો નથી. વ્યવહાર સ્વરૂપ અનેક પ્રકારની વિશિષ્ટતાઓ( વિશેષો )નો કારણ તથા આધારભૂત નિશ્ચય છે, અને તે વિશેષમાત્રમાં સ્વ-સ્વરૂપને અવલંબીને રહે છે. વ્યવહારની વિશિષ્ટતાઓ તાત્ત્વિકસ્વરૂપ નિશ્ચયના અભાવમાં જ હોઇ શકે નહિં, કારણ કે નિશ્ચય સ્વરૂપ તાત્ત્વિક વસ્તુ જ સ્વતઃ અથવા પરતઃ અનેક વિશેષરૂપે પરિણમે છે કે જેને વ્યવહાર કહેવામાં આવે છે. સામાન્ય જનતા પોતાને ઉપયોગી પરિણામોને જ પ્રધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નતા આગ્રીને વળગી રહે છે પણ મૂળ પરિણામી જે તાત્ત્વિક છે તે તરફ ધ્યાન આપતી નથી. દહીં, ઘી, આદિ દૂધનું અને કડાં–કંઠી આદિ સુવર્ણનું પરિણામ હોવા છતાં દૂધ, તથા સુવર્ણને સ્થૂળ બુદ્ધિવાળી સામાન્ય જનતા પ્રધાનતા આપતી નથી, કારણ કે તે વ્યવહાર દૃષ્ટિ હોવાથી માને છે કે દહીં તથા ઘીનું કામ દૂધ આપી શકતું નથી અને કડાં–કંઠીનું કામ સોનું આપી શકતું નથી. પહેરવાને તો કડાં–કંઠી આદિ ઘરેણાં જ કામ આવે છે પણ સોનું કામ આવતું નથી. તેવી જ રીતે મોદક તથા શીરો આદિ બનાવવામાં ઘી જ કામ આવે છે પણ દૂધ કામ આવતું નથી.

વ્યવહાર બે પ્રકારનો છે: એક સદ્ભૂત અને બીજો અસદ્ભૂત. આ બંને પ્રકારના વ્યવહારમાંથી સદ્ભૂત વ્યવહાર એક વિષયવાળો, એક દ્રવ્યાશ્રિત છે અર્થાત્ બીજા દ્રવ્યના સંયોગ વગરનો છે. પોતે સદ્ભૂત વસ્તુનો આશ્રિત હોવાથી જ સદ્ભૂત કહેવાય છે અને તેથી જ તે દ્રવ્ય તથા તેના ગુણને આશ્રયીને પ્રવર્તે છે. આ વ્યવહાર ઉપચરિત અને અનુપચરિત એમ બે પ્રકારનો છે. ઉપચરિત એટલે દ્રવ્યમાં ગુણનો ઉપચાર કરીને તેને ઓળખાવનારો; જેમ કે–જીવનું મતિજ્ઞાન એમ કહેવાય છે ત્યાં આવરણની ઉપાધિને લઈને જ્ઞાનને મતિની કલ્પના કરવામાં આવી છે તે સોપાધિક મતિજ્ઞાનનો આવરણથી કલ્પિત આત્મામાં ઉપચાર કરીને જીવનું મતિજ્ઞાન કહ્યું છે, એટલે કે ઉપાધિવાળું મતિજ્ઞાન અને ઉપાધિવાળો આત્મા બંનેના સંબંધને સૂચવનારો સદ્ભૂત વ્યવહાર ઉપચરિત કહેવાય છે. આ વ્યવહાર જીવ દ્રવ્ય તથા જ્ઞાન ગુણને લઈને વર્તતો હોવાથી સદ્ભૂત કહેવાય છે, ફક્ત આવરણને લઈને મતિને ઉપાધિ માને છે અને તેનો જીવમાં ઉપચાર કરીને જીવના સમ્યગ્જ્ઞાનપણે મતિને ઓળખાવે છે. ઉપચાર વગરનો સદ્ભૂત વ્યવહાર અનુપચરિત કહેવાય છે અને તે શુદ્ધ ગુણ તથા શુદ્ધ ગુણીનું અવલંબન લે છે, માટે જ્યારે આત્મા ઉપાધિ વગરના ગુણથી ઉપાધિ વગરનો થાય છે ત્યારે નિરુપાધિક ગુણ–ગુણીના ભેદને ઓળખાવનારો નિરૂપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. તાત્પર્ય કે સંસારમાં ભ્રમણ કરવાવાળો સકર્મક આત્મા આઠે કર્મના આવરણોથી અવરાયલો હોય છે એટલે તે ઉપાધિવાળો કહેવાય છે. તે વખતે તેને કેવળજ્ઞાન હોવા છતાં કેવળજ્ઞાની કહેવાતો નથી પણ મતિ આદિ જ્ઞાનવાળો કહેવાય છે તે મતિ આવરણની અવસ્થામાં થયેલું હોવાથી ઉપાધિસ્વરૂપ છે. તેનો આત્મામાં ઉપચાર કરીને કેવળજ્ઞાની આત્માને મતિજ્ઞાની કહેવામાં આવે છે તે ઉપચરિત સદ્ભૂત વ્યવહારની દૃષ્ટિ છે અને જ્યારે કર્મોના આવરણો ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉપાધિ વગરનું હોવાથી શુદ્ધ જ્ઞાનવાળા આત્માને કેવળજ્ઞાની કહેવાવાળો અનુપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

શુદ્ધ તથા અશુદ્ધ નિશ્ચય અને ઉપચરિત તથા અનુપચરિત સદ્ભૂત વ્યવહાર એટલે કે અનુપચરિત સદ્ભુત વ્યવહાર અને શુદ્ધ નિશ્ચય તથા ઉપચરિત સદ્ભુત વ્યવહાર અને અશુદ્ધ નિશ્ચય, સ્થૂળ દૃષ્ટિથી વિચારીએ તો બંને સરખા જેવા તો લાગે છે પણ નિશ્ચય તથા વ્યવહારમાં ઘણું જ અંતર છે. નિશ્ચય નય તાત્ત્વિક વસ્તુને માનનારો છે અને તે દરેક અવસ્થામાં ગુણ–ગુણીને અભેદ દૃષ્ટિથી જુએ છે અને વ્યવહાર અતાત્ત્વિક હોવાથી જે વસ્તુ જે

For Private And Personal Use Only

વખતે જે સ્વરૂપે હોય છે તેને તે સ્વરૂપે માને છે. અને તેથી કરીને તે ગુણ-ગુણીને માને છે. નિશ્ચય છે તે થાય છે એમ માને છે ત્યારે વ્યવહાર ન હતું તે થયું ભિન્ન છે. નિશ્ચય આવરણની ઉપાધિને લઈને કેવળજ્ઞાનમાં મતિજ્ઞાનનો વિકલ્પ કરીને આ... મતિજ્ઞાની કહે છે તેથી તે અશુદ્ધ નિશ્ચય કહેવાય છે. અને વ્યવહાર ઉપાધિની અને મતિજ્ઞાનની કલ્પના કરીને આત્મામાં ઉપચાર કરે છે અને આત્માનું મતિજ્ઞાન કહે છે એટલે ઉપચરિત સદ્ભૂત વ્યવહાર કહેવાય છે. આ પ્રમાણે નિશ્ચય તથા વ્યવહારની માન્યતામાં ભેદ રહે છે. અસદ્ભૂત વ્યવહાર કે જેનો પરવિષય છે-પરદ્રવ્યનો આશ્રિત છે અર્થાત્ ભિન્ન દ્રવ્યના સંયોગથી ભેદસ્વરૂપ ધારણ કરે છે તેના પણ ઉપચરિત તથા અનુપચરિત એવા બે ભેદ થાય છે. તેમાં ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ભિન્ન વસ્તુનો સંબંધ ન હોવા છતાં પણ તેનો કલ્પિત સંબંધ માને છે. જેમકે-દેવદત્તનું ધન, આ સ્થળે દેવદત્ત ભિન્ન દ્રવ્ય છે અને ધન પણ ભિન્ન દ્રવ્ય છે છતાં સ્વ-સ્વામિભાવ સંબંધથી ધન દેવદત્તનું ધન કહેવાય છે તે વ્યવહાર કલ્પિત હોવાથી ઉપચરિત છે. અને તે ધન આદિ પરદ્રવ્યનો આશ્રિત છે માટે અસત્ છે. તાત્પર્ય કે ધન-બાગ-બંગલા આદિ વસ્તુઓનો જન્મથી જ દેહની સાથે સંબંધ હોતો નથી તેમજ નિરંતર રહેતો પણ નથી પણ જ્યારથી જે વસ્તુ-વાળાની માલિકી થાય છે ત્યારથી તે વસ્તુઓ તેની કહેવાય છે. અને તે જ ધનાદિ બીજાની માલિકીના થાય છે ત્યારથી તેનો સ્વામી દેવદત્ત હતો તેના બદલે યજ્ઞદત્ત થાય છે-જેમકે મંગળદાસ સ્વામી હતો તેના બદલામાં હવે વિઠ્ઠલદાસ કહેવાય છે. આ પ્રમાણે ધનાદિ અસદ્ભૂત વસ્તુની દેવદત્તની સાથે સ્વ-સ્વામિભાવ સંબંધની કલ્પના કરવી તે ઉપચરિત હોવાથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનો વિષય છે. દેવદત્તની પાસે અવિદ્યમાન ધનાદિ ભિન્ન દ્રવ્ય હોવાથી તે અસદ્ભૂત કહેવાય છે અને એટલા માટે જ સંબંધની પણ કલ્પના કરાય છે.

અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપચાર વગરનો છે. જો કે આપણા પરદ્રવ્યનો આશ્રિત છે અર્થાત્ ભિન્ન દ્રવ્યને લઈને પ્રવૃત્તિ કરનારો છે માટે અસદ્ભૂત કહેવાય છે છતાં તેમાં ઉપચારને અવકાશ નથી. જેમકે જીવનું શરીર. અહિયાં જીવ તથા શરીરના સંબંધની કલ્પના કરવામાં આવતી નથી, કારણ કે શરીરનો જન્મથી લઈને મરણ પર્યંત નિરંતર સંબંધ રહે છે, પણ ધનાદિની જેમ જીવનમાં અનેક વખત સંયોગ થતો નથી. એટલે જીવની સાથે શરીરનો સંબંધ કરવાની આવશ્યકતા રહેતી નથી. જીવ ચેતન દ્રવ્ય છે અને દેહ અચેતન દ્રવ્ય છે માટે બંનેનો સંયોગસંબંધ હોઈ શકે છે પણ સ્વરૂપ-સંબંધ હોઈ શકતો નથી, કારણ કે દ્રવ્ય ભિન્ન ગુણધર્મવાળા હોવાથી ભિન્ન સ્વરૂપે ઓળખાય છે. તે જ્યારે પરસ્પર ભેગાં મળે છે ત્યારે તેમનો સંયોગસંબંધ થયો કહેવાય છે. જીવ તથા શરીર બંને દ્રવ્યો ઓતપ્રોત થઈ રહેલાં ન હોવાથી જીવની સાથે શરીરના સંબંધની કલ્પના કરીને ઉપચાર કરવાની જરૂરત રહેતી નથી, માટે જ જીવનું શરીર કહેનારો અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર કહેવાય છે.

આ પ્રમાણે જગતની સ્થિતિ નિશ્ચય તથા વ્યવહાર બંનેને અવલંબીને રહેલી છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિશ્ચય વ્યવહારનું કામ કરી શકે નહિ અને વ્યવહાર નિશ્ચયનું કામ શકે નહિ; માટે જો જગત એકનો પણ અનાદર કરે તો પોતાની વ્યવસ્થા જાળવી શકે નહિ. બંને પોતપોતાના સ્થળે પ્રધાન હોવાથી જ્યારે એકને પ્રધાનતા આપીને આદર કરવામાં આવે છે ત્યારે બીજાને ગૌણ રાખીને તેનો ઉચિત આદર કરવો જ પડે છે. નિરતિશય જ્ઞાનવાળા છદ્મસ્થો નિશ્ચયને ગૌણ રાખી વ્યવહારને પ્રધાનતા આપે છે પણ નિશ્ચયનો અનાદર કરતા નથી. કેટલાક ટૂંકી સમજણને લઇને નિશ્ચયનો નિષેધ કરે છે છતાં તેમને નિશ્ચયનો આદર કરવો જ પડે છે. કોઇ ન કોઇ દૃષ્ટિથી નિશ્ચયનું અવલંબન લીધા સિવાય કોઇ પણ પ્રકારના વ્યવહારમાં પ્રવૃત્તિ થઇ શકતી નથી, કારણ કે વ્યવહાર માત્ર નિશ્ચયનું પરિણામ છે. સાધારણ બાબતમાં પણ પ્રથમ નિશ્ચયનો આદર કરીને વ્યવહારનો આદર કરવામાં આવે છે. કોઇ ગામ જવું હોય છે તો પણ પ્રથમ તે ગામનું નામ નક્કી કરી, તેને લક્ષમાં રાખીને તે દિશામાં ચાલવાની પ્રવૃત્તિ કરાય છે. તાત્પર્ય કે-ધ્યેય નક્કી કર્યા સિવાય કોઇ પણ પ્રકારની પ્રવૃત્તિ થઇ શકતી નથી. જેમકે અનંતજ્ઞાન-દર્શન-જીવન-સુખસ્વરૂપ આત્મા છે અને તે અવિકૃત સ્વરૂપ છે. આવી રીતે આત્માનું સ્વરૂપ લક્ષમાં રાખવું તે નિશ્ચય દૃષ્ટિ કહેવાય છે. અર્થાત્ વસ્તુનો વસ્તુરૂપે બોધ કરાવનાર નિશ્ચય છે. અને તે વસ્તુના સ્વરૂપને પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે વ્યવહાર કહેવાય છે. એટલે કે વસ્તુનું સમ્યગ્ જ્ઞાન તે નિશ્ચય અને તદ્ અનુસાર સમ્યક્ ક્રિયા કરવી તે વ્યવહાર. તાત્પર્ય કે સમ્યગ્ જ્ઞાનસ્વરૂપ નિશ્ચય અને સમ્યક્ ક્રિયાસ્વરૂપ વ્યવહાર-આ બેમાંથી એક હોય અને એક ન હોય તો વસ્તુનું સમ્યક્ સ્વરૂપ પ્રગટ થઇ શકતું નથી માટે બંનેની-સમ્યગ્ જ્ઞાન તથા સમ્યક્ ક્રિયાની-જરૂરત રહે છે. જેમ કોઇ માણસની પાસે લાખ રૂપીઆ હોય અને તે પોતાને લાખપતિ માનતો હોય તેમજ જનતા પણ તેને લાખપતિ તરીકે માનતી હોય પરંતુ તે રૂપીઆ ઉધરાણીરૂપે ચોપડામાં જનતા પાસે લેણા હોય તો જ્યાંસુધી તેની ઉઘરાણી કરીને મેળવી ન લે ત્યાંસુધી તે રૂપીઆનો ઉપયોગ કરી શકતો નથી. તેવી જ રીતે આત્માની પાસે કેવલજ્ઞાન હોવાથી તે કેવલજ્ઞાની કહેવાય છે છતાં તે ચોપડામાં લેણા નીકળતા રૂપીઆની જેમ સત્તામાં રહેલું છે. તે સમ્યક્ ક્રિયા-દ્વારા પ્રગટ કરવામાં નહિ આવે ત્યાંસુધી આત્મા તેનો ઉપયોગ કરી શકતો નથી. નિશ્ચય વસ્તુને વસ્તુરૂપે ઓળખાવીને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરાવે છે, પણ સમ્યક્ ક્રિયારૂપ વ્યવહાર-દ્વારા જ્યાંસુધી વસ્તુસ્વરૂપ પ્રગટ કરવામાં ન આવે ત્યાંસુધી એકલા સમ્યગ્જ્ઞાનથી વસ્તુ-સ્વરૂપ પ્રગટ થઇ શકતું નથી; માટે જ કહ્યું છે કે-'**सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः**'

જપ-તપ-સંયમ તથા ત્યાગરૂપ ધાર્મિક પ્રવૃત્તિઓનો નિષેધ કરનાર અજ્ઞાની છે, તેને સમ્યગ્જ્ઞાની માનવાથી તીર્થંકર દેવની આશાતના થાય છે; કારણ કે પ્રભુ પોતે સંપૂર્ણ વિકાસી-કેવલજ્ઞાનના ધારક હતા, છતાં પ્રભુશ્રીએ સ્વ-સ્વરૂપના સાધક ભવ્યાત્માઓ માટે ક્યાંય પણ વ્યવહારનો નિષેધ કર્યો નથી. જે શ્રુતજ્ઞાનથી જીવો ક્રમશઃ કેવળજ્ઞાન મેળવે છે તેનું બહુમાન જાળવવા શ્રુત ઉપયોગપૂર્વક છદ્મસ્થનો લાવેલો આહાર કેવળ દૃષ્ટિથી કાંઇક અશુદ્ધ હોવા છતાં પણ પોતે વાપરતા અર્થાત્ પ્રભુ ગૌણપણે વ્યવહારનો

For Private And Personal Use Only

આદર કરતા હતા. પ્રભુશ્રીએ કોઈપણ દશામાં સર્વથા વ્યવહારનો ત્યાગ કરવાનું જણાવ્યું નથી. માટે જે વ્યવહારનો નિષેધ કરે છે તેના માટે નિશ્ચય જેવી કોઈ વસ્તુ જ રહેતી નથી કારણ કે નિશ્ચય તથા વ્યવહાર બન્ને એક બીજાના આશ્રિત છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર અને વ્યવહારની અપેક્ષાથી નિશ્ચય હયાતી ધરાવે છે. જ્યારે આત્મા કર્મોથી મુક્ત થઈને અશરીરી થાય છે ત્યારે તેને મન-વચન-કાયાના યોગોમાંનું કશુંય ન હોવાથી વ્યવહાર જેવું કાંઈપણ હોતું નથી, માટે તે વ્યવહારથી પર છે એટલે વ્યવહારની સાથે સંબંધ ધરાવનાર નિશ્ચય પણ ત્યાં નથી. કારણ કે બદ્ધ દશામાં આત્માના સાચા સ્વરૂપને ઓળખનાર વચન વ્યવહારરૂપ નિશ્ચય હતો તે મુક્ત દશામાં નથી. નિશ્ચયને જે વચન વ્યવહારરૂપ કહેવામાં આવે છે તે એટલા જ માટે છે કે-કેવળજ્ઞાનસ્વરૂપી શુદ્ધાત્મા અરૂપી હોવાથી છદ્મસ્થ જીવો તેને પ્રત્યક્ષ કરી શકતા નથી પણ કેવળજ્ઞાનીઓના કથન કરેલા વચનોને અનુસરીને પોતાના વચનદ્વારા નિશ્ચય સ્વરૂપ શુદ્ધાત્માનું વર્ણન કરે છે. કેવળજ્ઞાનીઓ કે જેમણે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેઓ પણ બદ્ધ દશામાં રહેલા વસ્તુ સ્વરૂપથી અજાણ અલ્પજ્ઞ જીવોને આત્માનું તાત્વિક સ્વરૂપ વચન વ્યાપારદ્વારા જણાવે છે એટલે કે તેઓ ઘાતી કર્મથી ઘેરાયલા અજ્ઞાન દશા ભોગવતા આત્માઓને સાચી ઓળખાણ કરાવે છે, તેથી તે જીવો ઓળખાણને માત્ર વચનોથી કહી દેખાડે છે પણ ચરાચર જગતને હસ્તામલકની જેમ જાણી શકતા નથી પણ પ્રભુના બતાવેલા વ્યવહાર પ્રમાણે વર્તે છે ત્યારે જ તેઓ ઘાતી કર્મનો નાશ કરીને નિશ્ચયસ્વરૂપ આત્માના શુદ્ધ ગુણોના પ્રગટરૂપે ભોક્તા બને છે. તેઓ જ્યારે અઘાતીનો ક્ષય કરીને અશરીરી થાય છે ત્યારપછી મુક્ત દશામાં તેમને વચનવ્યવહારરૂપ નિશ્ચય તથા વ્યવહાર હોતાં નથી, કારણ કે વ્યાપાર-વ્યવહાર યોગસ્વરૂપ હોવાથી અયોગી થયા પછી શરીરના અભાવમાં યોગનો અભાવ થાય છે એટલે તેને આશ્રયીને બદ્ધ દશામાં શરીરથી ભિન્ન આત્મસ્વરૂપ ઓળખાવવા વચનવ્યવહારરૂપ નિશ્ચય હતો તે પણ સ્વરૂપ પ્રગટ થયા પછી રહેતો નથી, માટે જ્યાંસુધી શરીર હોય છે ત્યાંસુધી વ્યવહારનો નિષેધ થઈ શકતો નથી.

આત્મા ત્રણે કાળમાં ઉપયોગસ્વરૂપે જ રહેવાનો. કોઈપણ સમયે સ્વ-સ્વરૂપથી ભ્રષ્ટ થતો નથી છતાં વિજાતીય ઉપાધીના સંસર્ગથી ભિન્નરૂપે ભાસે છે તેના આરંભમાં જ અલ્પજ્ઞોને ભાસ થતી અવસ્થાઓને ઓળખાવવા શુદ્ધ નિશ્ચય-અશુદ્ધ નિશ્ચય તથા ઉપચરિત અને અનુપચરિત સદ્ભૂત તથા અસદ્ભૂત વ્યવહારની વ્યવસ્થા કરી બતાવી છે. આત્માની કર્મજન્ય અવસ્થાઓ અતાત્વિક છે અને કર્મરહિત શુદ્ધ અવસ્થા તાત્વિક છે, કર્મજન્ય અતાત્વિક અવસ્થામાં રહેલો આત્મા અપ્રગટ સ્વ-સ્વરૂપનો ભોક્તા હોઈ શકે છે. અને તે ઉપાધિગ્રસ્ત હોવાથી વ્યવહારથી પર નથી કારણ કે તે સશરીરી છે એટલે તે યોગસ્વરૂપ છે. વ્યવહારથી મુકાએલા ન હોવાથી વ્યવહારનો નિષેધ કરી શકે જ નહિં, તેને તાત્વિક સ્વરૂપ મેળવવા વ્યવહાર( ક્રિયા )નો આશ્રય લેવો જ પડે છે. જ્યાંસુધી તાત્વિક આત્મસ્વરૂપનો પ્રગટપણે ભોક્તા ન બને તથા ઇંદ્રિયોની સહાયતા સિવાય રૂપી તથા અરૂપી કોઈપણ વસ્તુનો બોધ કરી શકતો ન હોય ત્યાંસુધી નૈસર્ગિક આત્મસ્વરૂપ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝાડે ફરતાં, મૈથુન સેવતાં, પેસાબ કરતાં, દાતણ કરતાં, નાતાં ને ખાતાં એમ છ પ્રસંગે મૌન ન રાખે ને બોલે તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

સ્મૃતિમાં પણ એ છ ક્રિયામાં મૌન ધારણ કરવા ભારપૂર્વક કહ્યું છે.

**उच्चारे मैथुने चैव, प्रस्रावे दन्तधावने ।**
**स्नाने भोजनकाले च, षट्सु मौनं समाचरेत् ॥**

અસંબદ્ધ—જેમ તેમ પ્રલાપ કરનાર જીવો અપ્રિય બને છે. તેઓને મૌન અપૂર્વ લાભ આપનાર છે.

કેટલાએક અણસમજુ આત્માઓ મૌનનું નામ સાંભળી ચમકે છે. તેમને થાય છે બોલ્યા વગર શા માટે રહેવું? ભગવાને જીભ શા માટે આપી છે? મોઢું છે માટે બોલ્યે રાખવું. '**मुखमस्तीति वक्तव्यं, दशहस्ता हरीतकी**' "ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, આવો ગપ્પીજી; બાર હાથનું ચીભડું, ને તેર હાથનું બી" જેવા મોટે ભાગે વગનવ્યવહારો ચાલે છે. એવા વ્યવહારોથી શું ફાયદો થાય? નુકશાન તો કેટલીક વખત અણચિન્તવ્યું આવી પડે છે.

આવા ગપ્પ મારવા અને સાંભળવાને જૈન દર્શનમાં વિકથા કહેવામાં આવે છે.

એવી વિકથાને રસે ચડેલો આત્મા ખૂબ સહન કરે છે. 'રોહિણી' નામે એક શ્રાવિકાની વાત છે. તેને વાતનો ખૂબ રસ. સ્ત્રીઓમાં વાતનો રસ સ્વાભાવિક હોય છે. તેમાં પણ આને તો કોઈ અનહદ. હાલતાં ચાલતાં કોઈ ને કોઈની કાંઈ વાત કરવી જોઈએ. વાત ન કરે તો તેને ચેન ન પડે.

એક વખત એક પોતાની રાણીને વાત કરતાં વાત બૂટી ને વખત ગાળવાનો હજુ બાકી હતો એટલે તેણે ગપ્પ ચલાવ્યું. રાજાની રાણીની બદબોઈ કરવા લાગી. રાણીની એક દાસીએ એ સાંભળ્યું. રાણીને વાત કરી. રાણીએ રાજાને કહ્યું. રાજાએ તે રોહિણીને અને તેના પિતાને બોલાવ્યા. પૂછ્યું. તે વખતે રોહિણી ગલ્લાતલ્લાં કરવા લાગી. છેવટે રાજાએ તેને દેશપારની શિક્ષા કરી.

આવાં નાનામોટાં પરિણામો સાચી જૂઠી અહિતકારી વાતો કરવાથી થાય છે. મૌનથી તેવા પરિણામો સહેજે રોકી શકાય છે.

મૌનનો પ્રભાવ અચિન્ત્ય છે. મૌનથી ધાર્યું મળી શકે છે. વધુ શું? મૌન સેવો ને પરિણામ અનુભવો.

**मौनं सर्वार्थसाधनम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભવ્યઅભવ્યવિચારણા

લેખકઃ—શ્રી. જીવરાજભાઈ ઓધવજી દોશી.

જૈન દર્શનમાં જીવના બે ભેદો બતાવવામાં આવ્યા છેઃ સંસારી અને મુક્ત. કર્મબંધના કારણથી સંસારમાં ભટકતા જીવોને સંસારી કહેવામાં આવે અને કર્મબંધથી મુક્ત થયેલા જીવોને મુક્ત કહેવામાં આવે છે. જૈનદર્શ એકતત્ત્વવાદી (Monism) નથી, પણ બહુતત્ત્વવાદી (Pluralism) છે, એટલે જૈનદર્શનમાં દરેક જીવો સ્વતંત્ર ભિન્નભિન્ન છે, વેદાન્ત માને છે તેમ એક પરમચૈતન્ય-બ્રહ્મના જીવાત્માઓ અંશો નથી. જૈનદર્શનની માન્યતા પ્રમાણે મુક્ત આત્માઓ પણ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ સાચવી રાખે છે. જૈન શાસ્ત્રમાં સંસારી જીવોના બે ભેદો બતાવવામાં આવે છેઃ ભવ્ય અને અભવ્ય. ભવ્ય એટલે મોક્ષ પામવાને યોગ્ય અને અભવ્ય એટલે મોક્ષ પામવાને અયોગ્ય. સવાલ એ ઊભો થાય છે કે દરેક સંસારી જીવ તેના શુદ્ધ સ્વરૂપે જ્ઞાનસ્વરૂપ છે. કર્મબંધના કારણથી સુખદુઃખમય સંસારમાં જીવ ભમે છે, અને કર્મબંધનું કારણ નાશ પામતાં તે સુખદુઃખમય સંસારમાંથી મુક્ત થાય છે. કર્મબંધ એ જીવનો સહજ સ્વભાવ નથી, વિભાવ છે. એટલે દરેક જીવ તેના સ્વભાવને પામવાને અર્થાત્ મુક્ત થવાને યોગ્ય હોવો જોઇએ, માટે ભવ્ય અને અભવ્યનો ભેદ તાર્કિક દૃષ્ટિએ વ્યાજબી નથી. આ સવાલ જૈનશાસ્ત્રમાં ચર્ચવામાં આવ્યો છે, અને બુદ્ધિગમ્ય ખુલાસો આપવામાં આવ્યો છે. શાસ્ત્રકાર કહે છે કે ભવ્ય અને અભવ્યનો ભેદ કર્મજનિત-કર્મના કારણથી નથી પણ સ્વભાવથી છે. भव्याभव्याः **स्वभावतः एव जीवा न तु कर्मतः।** જીવો ભવ્ય અને અભવ્ય સ્વભાવથી છે, કર્મના કારણથી નથી. શાસ્ત્રકાર કહે છે કે-દ્રવ્યત્વ સામાન્ય હોવા છતાં જીવ અને અજીવનો ભેદ સ્વભાવથી છે તેમ જીવત્વ સામાન્ય હોવા છતાં ભવ્ય અને અભવ્યનો ભેદ સ્વભાવથી છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રના બીજા અધ્યાયના સાતમા સૂત્રમાં બતાવ્યું છે કે-જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ ત્રણે જીવના કર્મજન્ય ભાવ નથી પણ સ્વાભાવિક છે. એટલે કોઇપણ વસ્તુ પોતાનો સ્વભાવ છોડી શકતી નથી. પુદ્ગલ સ્વભાવ જડ હોવાથી કોઇપણ કાળે ચેતન થતું નથી, તેમ જે જીવ સ્વભાવથી જ અભવ્ય હોય છે તે કોઇપણ કાળે ભવ્ય અથવા મુક્તિને યોગ્ય થઇ શકે નહિ. સવાલ એ જ કરવામાં આવે છે કે જો ભવ્યત્વ જીવનો સ્વભાવ હોય તો મુક્ત આત્મામાં પણ ભવ્યત્વ રહેવું જોઇએ. શાસ્ત્રકાર કહે છે કે એક વસ્તુ તેના પૂર્ણભાવને પામે, એટલે તેનો પહેલાનો અપૂર્ણ ભાવ વિનાશ પામે છે તેમ આત્મા મુક્તાવસ્થામાં પૂર્ણ ભાવને પામે એટલે તેનો ભવ્યત્વ-પૂર્ણ થવાની યોગ્યતા આપોઆપ નષ્ટ પામે છે.

બીજો સવાલ એ જ કરવામાં આવે કે-જો જીવના ભવ્ય અને અભવ્ય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભેદો હોય, અને કાળક્રમે બધા ભવ્ય જીવો મુક્ત થઇ જાય તો પછી સંસારમાં બાકીના અભવ્ય જીવો જ રહે અને કોઇ મોક્ષગામી જીવો સંસારમાં ન રહેવાથી ધર્મના અનુષ્ઠાનો બંધ થઇ જાય. શાસ્ત્રકાર કહે છે કે, ભવ્યરાશિ અનંતાનંત છે એટલે જેમ કાળરાશિ અનંતાનંત હોવાથી તેનો અંત આવતો નથી, તેમ ભવ્યરાશિ પણ અનંતાનંત હોવાથી તેનો અંત આવતો નથી. શાસ્ત્રકાર વધારેમાં એમ પણ કહે છે કે ભવ્ય એટલે યોગ્ય છે, તેટલા પરથી દરેક ભવ્ય જીવ મુક્ત થશે એવો અર્થ કરવાનો નથી, પણ જે ભવ્ય જીવને મુક્ત થવાની સામગ્રી–સંપ્રાપ્તિ મળશે તે જ જીવ મુક્ત થશે, પણ એટલું તો ચોક્કસ સમજવાનું છે કે ભવ્ય જીવને જ તેવી સામગ્રીની સંપ્રાપ્તિ થશે. કોઈપણ આરસના પથ્થરમાં જિનેશ્વર ભગવાનની પ્રતિમા ઉપસ્થિત કરવાની યોગ્યતા હોય, પણ તે પત્થરમાંથી પ્રતિમા ઊભી કરવાની સામગ્રીની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી તેમાંથી પ્રતિમા ખડી થતી નથી, તેમ ભવ્ય જીવમાં મુક્તિ પામવાની યોગ્યતા હોય છતાં પણ સાધન ન મળે ત્યાંસુધી તે જીવ મુક્તિ પામતે નથી. ટૂંકામાં શાસ્ત્રકાર કહે છે સર્વ ભવ્ય જીવો મોક્ષ પામે છે, એમ અમારે કહેવું નથી; પણ જે જીવ સિદ્ધિ પામે છે તે અવશ્ય ભવ્ય જ છે એવો અમારો મત છે

ભવ્ય અને અભવ્યનો ભેદ જૈનદર્શનની તત્ત્વદૃષ્ટિથી સંગત છે. જૈન દર્શનમાં જીવાત્માઓને એક પરમાત્માના અંશો માનવામાં આવતા નથી. પણ દરેક જીવાત્મા સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે. વેદાન્ત જેવા એકાત્મવાદી દર્શનમાં ભવ્ય અને અભવ્યનો ભેદ સંગત નથી, દરેક જીવ પરમાત્માનો અંશ હોવાથી સ્વભાવથી જ પરમાત્મ પદ પામવાને અથવ પરમાત્મપદમાં ભળી જવાને યોગ્ય જ હોય છે. સાંખ્ય–દર્શન આત્મા પુરુષને નિર્લેપ અકર્તા અભોક્તા માને છે. એટલે તે દર્શનમાં પણ ભવ્ય અને અભવ્યનો ભેદ સંભવી શકે નહિ. ન્યાયદર્શન કર્મને કર્મફલ સાથે જોડવ ને ઇશ્વર જેવા સ્વતંત્ર તત્ત્વની આવશ્યકતા માને છે એટલે તેમાં પણ ભવ્ય અને અભવ્યનો સવાલ ઉપયોગી રહેતો નથી. જૈનદર્શનમાં સંસારી જીવને અનાદિકર્મસન્તતિપરિણામાપન્નરૂપ–અનાદિ કાળથી કર્મ સાથે જોડાયેલ હોવાથી કર્મસંતાનથી પરિણતિ પામેલ સ્વરૂપવાળો માનવામાં આવે છે. અર્થાત દરેક જીવ કર્મબદ્ધ ચેતન હોવાથી અમુક પ્રકારનું સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવે છે. આવા ચોક્કસ વ્યક્તિત્વ પામેલ જીવની ભૂત, વર્તમાન અને ભવિષ્યની સ્થિતિ અને ગતિ જ્ઞાની પુરુષ જોઇ શકે છે. અને તેટલા પરથી વિશિષ્ટ જ્ઞાની–કેવળી ભગવાન કોઇ પણ જીવ ભવ્ય છે કે અભવ્ય તે જાણી જોઇ શકે છે. બાઇબલમાં Incurably sick souls અસાધ્ય રોગીષ્ટ આત્માઓ કહેવામાં આવ્યા છે. તેનું તાત્પર્ય પણ એવું છે કે–જગતમાં એવા પણ જીવો છે જે કોઇપણ વખતે પરમાત્મપદને અર્થાત્ મુક્તિને પામવાના નથી.

ટૂંકામાં ભવ્ય અને અભવ્યનો ભેદ કલ્પિત નથી, પણ જ્ઞાનીઓએ પોતાના વિશિષ્ટ જ્ઞાનથી જોઇને પ્રરૂપેલો ભેદ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમુદ્રતીરે ચર્ચા[1]

રલીના કિનારા પર **પ્રબુદ્ધ** અને **ધીમાન** તેમના ચાલુ રિવાજ પ્રમાણે એક સાંજે મળ્યા. તેમને આગલે દિવસે બાળસ્નેહી દુર્લભજી મળ્યો તેની વાત પર તેમને ગઈકાલે બન્નેને ખૂબ વિચારો થયા હતા. તેમને દુર્લભજીની સાથે વધારે વાત કરવાની અને કાંઈક સક્રિય સમાજસેવા કરવાની તમન્ના જાગી હતી. તેઓ ફરીને દુર્લભજીને મળવા ઈચ્છતા હતા. પ્રબુધ્ધે મોટરમાં બેઠા બેઠા ભાઈ દુર્લભજીને ફરી મળવા આગ્રહ પણ કર્યો હતો. દુર્લભજીએ અવકાશ મળે ત્યારે વરલીના કિનારે આવવા ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. આજે બન્ને મિત્રોએ તેની રાહ જોઈ, પણ ભાઈ દુર્લભજી તો દેખાયો નહિ.

બન્ને મિત્રોએ વાતચીત શરૂ કરી. સમાજસેવાને અંગે આજે વાતો ચાલી. ધીમાને ચર્ચા શરૂ કરી. સામાજિક કાર્ય કરનારા નાની નાની વાતને વધારે પડતી અગત્ય આપે છે અને પોતાનો આખો મૂળ મુદ્દો વીસરી જાય છે એ મુદ્દા પર વાત ચાલી. પછી નાના મંડળો સારામાં સારા મુદ્દાથી સ્થપાયલાં હોય તે આડી વાતે ચઢી જઈ કેવા હાસ્યાસ્પદ બને છે અને ચર્ચાને બદલે વિતંડાવાદ વધારી મૂકે છે તે પર વાત ચાલી.

**પ્રબુદ્ધ**: 'મારું તો માનવું છે કે ચર્ચા કરનાર મંડળો ઘણીખરી ચર્ચા કરવામાં વખત કાઢે છે અને અનેક વખત મૂળ મુદ્દો વીસરી જઈ ઢંગધડા વગરની બાજીએ સામસામા ખડા થઈ જાય છે અને મૂળ મુદ્દો જ ભૂલી જાય છે.'

**ધીમાન**: 'તારી વાત ખરી છે. મંડળોમાં ચર્ચામાં સમય જાય છે તેટલો કાર્યમાં જતો નથી, અને ઘણીવાર તો ચર્ચા પણ કથોરે રસ્તે ચઢી જાય છે.'

**પ્રબુદ્ધ**: 'પણ ચર્ચા વગર તો કાર્ય કેમ થાય? છણાવટ વગર મુદ્દાની [illegible] કેમ થાય? અને વિચારસ્પષ્ટતા વગર વિચારનિર્ણય કેમ થાય?'

**ધીમાન**: 'એ રીતે ચર્ચાને સ્થાન છે ખરૂં, પણ આપણી પેઠે આખો દિન કરીએ અને કાંઈ કાર્ય ન કરીએ તો 'ગજના ગજ ભરવા પણ તસુ માત્ર પણ વેતરવું નહિ' એ વાળી વાત થાય. એ કેમ પાલવે? એમાં સમાજના દહાડા કેમ વળે? આવી ચલાવ્યે રાખવામાં આવે તો સમાજની પ્રગતિનો માર્ગ કેમ સાંપડે?'

**પ્રબુદ્ધ**: 'એ વાત ખરી, પણ ચર્ચાના જોમમાં આખો મુદ્દો વીસરી જવાય અને છતાં ચર્ચા ચાલ્યા કરે તો તેમાં સમાજનો શકરવાર પણ શો વળે? અને નાની બાજુના મુદ્દાને મુખ્ય કરવામાં આવે તો ચર્ચાનો આખો ઝોક માર્યો જાય ને વાત વિચારી છે?'

**ધીમાન**: 'તારો મુદ્દો કાંઈ બરાબર ઝળકતો નથી, કાંઈક સમજાય છે; પણ જે કાંઈ કહેવા માંગતો હો તે વિસ્તારથી સ્પષ્ટ વાત કર.'

---

૧. લેખાંક નં. ૩. સ્વતંત્ર લેખ તરીકે પણ વાંચી શકાય તેવો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રબુદ્ધ:** 'જો, ભાઈ! હું મારો કહેવાનો મુદ્દો વિગતથી દાખલાદલીલ સાથે કહું છું. તું આખી વાત બરાબર સાંભળી સમજી લે. શરત એ છે કે-હું પૂરું ન કરું ત્યાંસુધી તારે વચ્ચે સવાલ જવાબ ન કરવા. બોલ, આ શરત તારે મંજૂર છે?'

**ધીમાન:** 'મારે તારી શરત કબૂલ છે. તારી વાત પૂરી થશે, પછી હું ચર્ચા કરવા જેવું હશે તો ચલાવીશ. ચાલ, તારું કથન શરૂ કર.'

**પ્રબુદ્ધ:** 'શાંતિથી મારું વક્તવ્ય સાંભળ.

* * *

પ્રબુદ્ધે ચલાવ્યું:—

જ્યારે મોટી બાબતો એરણ પર ચાલતી હોય કે ચઢેલી હોય તે વખતે નાની નજીવી બાબતો માટે ધ્યાન રાખવું અને તેમાં અટવાઇ જવું એ ઘણું બેહુદું છે. ઘણા માણસો એ વાત વીસરી જઇ નાની નાની વિગતોમાં ગુંચવાઇ જાય છે અને મૂળ મુદ્દો ચૂકી જાય છે. મોટી દોડવાની રમત ચાલતી હોય તે વખતે નાકના ટેરવા ઉપર નાનકડો ડાઘો પડેલ હોય તે કાઢવા માટે પાકો દોડનારો કદી રોકાતો નથી. જ્યાં મોટી દોડાદોડી ચાલી રહી હોય ત્યાં નાની વાત પર ધ્યાન આપવાનું પાલવે જ નહિ. એના પર ઇતિહાસમાં નોંધાયલો એક બનાવ ખાસ ધ્યાન ખેંચે તેવો દેખાય છે.

દુનિયાના વીસમી સદીના પ્રથમ મહાવિગ્રહમાં રૂશિયા મિત્રરાજ્યો સાથે લડયું, પણ બીજા વર્ષની આખરે રૂશિયામાં આંતરવિગ્રહ થયો, એના ઝારને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને બોલ્શેવિક પક્ષ રાજ્ય પર આવ્યો. તે જર્મનીનું આક્રમણ સહન કરવા અશક્ત નીવડ્યો. અંદર અંદરની લડાઇથી રૂશિયા ઢીલું પડી ગયું હતું અને લેનિનના અંતિમ વિચારોને ઝીલવાને પૂરતું તૈયાર નહોતું. લેનિનને આખો ધનવાન વર્ગ ધિક્કારતો હતો, ઉમરાવ વર્ગ એનો દુશ્મન હતો અને મજૂરવર્ગ અને મધ્યમવર્ગ એના શિક્ષણ તરફ અભિરૂચિ દાખવી રહ્યો હતો, પણ અંદરઅંદરની લડાઇ સાથે જર્મની સામે વિગ્રહ ચલાવવો તે વખતે પાલવે તેમ નહોતું.

જર્મની રૂશિઆની આ પરિસ્થિતિ સમજી ગયેલ હતું. બ્રેસ્ટલીટાઉસ્કખાતે અંદર-અંદર રૂશિઆ અને જર્મની વચ્ચે સુલેહ કરવાની જે વાત ચાલી તેમાં રૂશિયાની આ સ્થિતિનો પૂરતો લાભ લેવા જર્મની ચૂકે તેમ નહોતું અને એના મુત્સદ્દીઓએ જેટલી બને તેટલી સખત શરતો રૂશિઆ સામે તૈયાર કરી તેને પૂરેપૂરા પજવીને હેરાન કરવાના ધોરણે કામ લીધું. રૂશિયાને ખૂબ આકરી લાગે તેવી શરતો આપવામાં આવી.

રૂશિઆના સપેહસાલાર તરીકે તે વખતે ટ્રોટ્સ્કી કામ કરી રહ્યો હતો. મોસ્કોમાં લેનિનનો પડ્યો પડતો હતો અને તે અત્યારે મુખ્ય સ્થાને-પ્રમુખપદે હતો. જર્મની સાથે ટ્રોટ્સ્કી સુલેહ કરતો હતો તે વખતે જર્મની તરફથી થતી અનેક પજવણી એ ખમી રહ્યો હતો અને તેને ગમે તે ભોગે શરતો સ્વીકારી લેવાનો રસ્તો જ ખુલ્લો હતો. તેને મોસ્કો-માંથી સૂચના અને હુકમો ગમે તે ભોગે શરત કરી લેવાના જ મળતા હતા. રૂશિયાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યારે સુલેહની ખાસ જરૂર હતી અને તેથી ગમે તે પજવણીઓ ખમી ખાવાની આવશ્યકતા ઊભી થઇ હતી. તેના આગેવાનોની નજરે એ કીંમત નજીવી હતી.

પણ જર્મન મુત્સદ્દીઓ આને તેટલો લાભ લેવાને ઉત્સુક હતા. તે ઉપરાંત તેઓ સુલેહના વિધિવિધાન માટે બહુ ચોક્કસ હતા. બોલ્શેવિકો કોઇ જાતના વિધિવર્તન કે ઉપચારમાં જરાપણ માનનારા નહોતા. તેઓ વર્ગમાં કે કલાસમાં માનતા નહોતા, પણ તેમને હલકા દેખાડવા માટે જર્મનો સર્વ ઉપચાર વિધિપૂર્વક કરાવવા માટે ખૂબ ઉત્સુક હતા. સહી કરતી વખતે કપડાં કેવાં પહેરવાં જોઈએ તે મુદ્દા પર ઉપચાર તરીકે તેઓ ચોક્કસ હતા અને તે વખતે અમુક પ્રકારના કપડાં પહેરવાં જોઇએ એ જર્મનોનો આગ્રહ હતો.

જર્મનીને ગમે તેવી શરતો તૈયાર થઇ ગઇ. શરત-સુલેહનો ખરડો સાફ કરીને લખાઇ ગયો. જર્મનીના પ્રતિનિધિઓ તે પર સહી કરવા તૈયાર હતા, પણ તેઓનો આગ્રહ હતો કે રૂશિયાનો પ્રતિનિધિ સપેહસાલાર સામાન્ય રીતે પહેરે છે તે જાતનો કોટ ફ્રોક-કોટ ( Froch-coat ) પહેરીને આવે અને સહી કરે, ત્યારપછી જર્મન મુત્સદ્દીઓ સુલેહની શરતો પર પોતાની સહી મૂકે. આવો ફ્રોક-કોટ પહેરવો એ સુલેહના દૂતનો વર્ગીય પહેરવેશ ગણાતો હતો અને લેનિનના નવા ધોરણ પ્રમાણે બોલ્શેવિકો તો વર્ગવિચારણાથી દૂર હતા એટલે એમના મતે સુલેહના દૂતોનો પહેરવેશ પહેરવો એ એમના ધોરણથી ઘણું અનુચિત હતું.

જર્મનીએ પહેરવેશ માટે આ વાત આગળ ધરી ત્યારે ટ્રોટ્સ્કીને બહુ દુઃખ થયું. એને એ વાત ભયંકર અને અકર્તવ્ય લાગી. એક તો શરતો મહાઆકરી હતી અને તે પર સહી કરવા માટે અમુક પ્રકારનો પહેરવેશ પહેરવો જ પડે એ વાતનો આ ફટકો ઊંડો લાગ્યો, કારણ કે બોલ્શેવિકો વર્ગનિકંદનનો મુદ્દો અત્યાર અગાઉ આખી દુનિયાને જણાવી ચૂકયા હતા. એને ઊંડે ઊંડે એવો પણ ભય હતો કે પોતે પહેરવેશની બાબતમાં નમતું આપશે તો પોતાના દેશમાં પોતાની વિરુદ્ધ અનેક ગેરસમજુતીઓ પણ થશે, કારણ કે વર્ગ( classes )નો નાશ કરવો એ મૂળ મુદ્દા ઉપર બોલ્શેવિક વિચારસરણીની રચના સ્વીકારાઇ ચૂકી હતી.

જો જર્મનીની આ પહેરવેશ સંબંધી શરત ન સ્વીકારવામાં આવે તો છેલ્લી સહીનો મામલો વીખેરાઇ જાય તેવી સ્થિતિ થઈ ગઇ હતી. સ્વીકાર ન કરવામાં આવે તો અત્યંત વિનાશ થાય તેવું હતું, સ્વીકારવામાં આવે તો મોટું માનભંગ અને અવમાનના થાય તે ખોટી વાત હતી. આવા ગૂંચવણવાળા પ્રસંગમાં ટ્રોટ્સ્કીએ લેનીન પાસે તારથી સૂચના માગી.

જરા પણ સંકોચ વગર અને જરા પણ વિલંબ વગર તેને મોસ્કોથી જવાબ મળ્યો કે—" જરૂર પડે તો રાત્રે પહેરવાના પાયજામાના કે બીજા ગમે તેવા પહેરવેશ ધારણ કરો પણ ગમે તે ભોગે સુલેહ કરો. "

બોલ્શેવિકોએ બહારના ઉપચારને આધીન રહી માગણી પ્રમાણે પહેરવેશ ધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જર્મન સ્થાન પર ગયા અને વિધિવિધાન જર્મનીના કહેવા પ્રમાણે કરીને સુલેહ પર સહી કરી આવ્યા અને શાંતિ સ્થપાણી.

* * *

**પ્રબુદ્ધ**—' ભાઇ ધીમાન ! મારી વાત પૂરી થઇ. આપણા મંડળો ચર્ચા ચલાવતી વખત આ ધોરણ સમજી કે સ્વીકારી શકે ખરા ? '

**ધીમાન**—' હવે તારો મુદ્દો કાંઇક ઝળકે છે ખરો. તારા કહેવાની મતલબ એ જણાય છે કે આપણા મંડળો આવા પ્રસંગે અવ્યવહારૂ થઇ જાય, જર્મની આવી શરત માગી જ કેમ શકે ? સૂચવી જ કેમ શકે ? એવી તકરારમાં રાતો કાઢે અને આખો મામલો બગાડી મૂકે. આમ તારું કહેવું છે ને ? '

**પ્રબુદ્ધ**—' બરાબર ! હું કહું છું કે આપણી વાતો અર્થ વગરની, હેતુ વગરની, મુદ્દા વગરની, સાધ્ય વગરની અને દક્ષતા વગરની ઘણીવાર હોય છે અને પરિણામે આવા નિર્માલ્ય દમ વગરના મુદ્દા પર આપણે મક્કમ થઇ પડીએ છીએ અને કડી લેવા જતાં પાટણ પરવારી બેસીએ છીએ અને અંતે કડી પણ મળતું નથી. '

**ધીમાન**—' એ વાત ખરી છે એમ કદાચ સ્વીકારવામાં આવે તો તેથી સિદ્ધ શું થાય છે ? ચર્ચા ન કરવી કે ચર્ચા બરાબર સુયોગ્ય રીતે કરવી ? '

**પ્રબુદ્ધ**—' ચર્ચા ન કરવી એવું તો કાંઇ નહિ, પણ ચર્ચાની ઝપટ અને ઝડપમાં મૂળ મુદ્દો ન ચૂકવો જોઇએ અને નજીવી બાબતને મુખ્યતા ન આપવી જોઇએ એ મારી વાતનો મુદ્દો છે. '

**ધીમાન**—' સિદ્ધાંત તરીકે તારી વાત બરાબર છે, પણ ચર્ચા ચાલતી હોય તે વખતે એના જોસમાં મૂળ મુદ્દો કયો અને ગૌણ મુદ્દો કયો એતું ધ્યાન રહેવું બહુ મુશ્કેલ છે. જ્યારે માણસ ચર્ચાની અસર તળે હોય છે ત્યારે આવું પૃથક્કરણ મુશ્કેલ હોય છે. ચર્ચાના તંગ વાતાવરણમાં આટલું સ્પષ્ટીકરણ ઇચ્છવા યોગ્ય છે, પણ રહેવું મુશ્કેલ છે, થવું મુશ્કેલ છે, રજૂ કરવું લગભગ અશક્ય. '

**પ્રબુદ્ધ**—' માટે જ હું કહું છું કે સામાજિક કાર્યકરોને આ વાત સમજાવવા જેવી છે, સૂચવવા જેવી છે, વિગતથી જણાવવા જેવી છે. આપણા ઘણા સવાલો આ મુદ્દા તરફ લક્ષ્ય આપવાને અંગે માર્યા ગયા છે. એના તું કહે તો દાખલા આપું. '

**ધીમાન**—' એકાદ રસપ્રદ દાખલો આપ. તારી શિષ્ટ ભાષામાં તે સાંભળવાની મને મજા આવશે. '

**પ્રબુદ્ધ** :—' જો, એક વાર હું એક વ્યાખ્યાનમાં ગયો હતો. સામાયકની મહત્તા પર વક્તા ખૂબ સરસ વક્તવ્ય કરી રહ્યા હતા. એમણે સામાયકનો મહિમા ખૂબ બતાવ્યો, એમાં શ્રાવક સાધુભાવ પામે છે એટલી ઊંચી હદની વાત કરી, મન વચન કાયાના યોગોના સંગીકરણની વાત કરી, એના દોષો નિવારવાની મહત્તા સમજાવી અને સામાયકથી પરંપરાએ

For Private And Personal Use Only

અનંત શાંતિ પ્રાપ્ત થાય છે એ વાતના અનેક દાખલા આપ્યા. પછી સામાયક કેમ કરવું તેનો વિધિ બતાવવા માંડયો, અને શરૂઆતમાં બોલવાના ઇરિયાવહિયાના પાઠનો અર્થ સમજાવવા માંડ્યો ત્યાં એક શ્રોતાએ સવાલ કર્યો કે હજુ સામાયક લેવા બેઠા ત્યાં માફી શેની માંગી? કોની માંગી? શા માટે માંગી? કયા વખતની માંગી? એમાં એગિંદિયા વગેરેને ચાંપ્યા, દુહવ્યા કે યાવત્ જીવિયાઓ વવરોવિયા સુધીના દોષોની વાતનાં મિચ્છામિ દુક્કડં દીધાં તે કયા વખતને માટે?

'આ સવાલ થતાં સભામાં મોટો ક્ષોભ થઇ ગયો. પાર વગરનો કોલાહલ, સમજ્યા વગરના સવાલ જવાબો, અંદર અંદરની ઘુસપુસ અને પછી સામાયક તો સામાયકને ઠેકાણે રહી ગયું અને ઇરિયાવહિયાની ચર્ચા ચાલી. અને ચર્ચામાં ભાગ લેનારને વાત ખાતર જ વાત કરવી હતી, એને સામાયક સાથે લેવાદેવા ન હોતા, એને મૂળ મુદ્દો હતો તે સ્મૃતિમાં પણ નહોતું, પણ પછી તો શાસ્ત્રના પાઠો અને પૂર્વાચાર્યના ... અને પ્રચલિત અનુષ્ઠાનની રીતિ અને આવી અનેક વાતો ચાલી. કોઇએ વિશેષ આવશ્યક પાઠોની વાત કરી અને કોઇએ પોતાની પરંપરાના દાખલા મૂકયા અને સામાયકનો મુદ્દો ઊડી ગયો અને ઇરિયાવહિયા બોલવા કે નહિ એ વાત પર જ ચર્ચા ચાલી. આવું તો ઘણું થાય છે અને એમાં સમાજની શક્તિનો હ્રાસ થાય છે અને ... પ્રાધાન્ય મળે છે.'

**ધીમાનઃ**—'હવે તારો મુદ્દો કાંઇક સ્પષ્ટ થયો. આ બાબતના દાખલા હું આપી શકું તેમ છું પણ અત્યારે ઘણો સમય થયો છે અને મારી ઇચ્છા આ ચર્ચા દુર્લભજીભાઇ મળે ત્યારે કરવી એમ છે. એ સમાજના કામમાં રસ ... એટલે એનો અભિપ્રાય પણ આપણને સાંભળવાનો લાભ મળશે. આપણે ... ચર્ચા આગળ ચલાવીશું.' બન્ને મિત્રો પરસ્પર નમન કરી છૂટા પડ્યા.

## : चतुर :

**दोहा**

चतुर पुरुष वह जानिये, जो सर्व ही समझे ऐनें।
ऐनन में समझे नहीं, तासो करीये सेनें ॥१॥
सेनन में समझे नहीं, तासो करीये वैनें।
वैनन में समझे नहीं, तासो लेन न देन ॥२॥

मंडारी

१ हृदय के भाव. २ इशारा. ३ बात.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદ્દેસ, ઉદ્દેસણકાલ, સમુદ્દેસ, સમુદ્દેસણકાલ ઈત્યાદિ

( લેખક પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

જ્ઞાનના આભિનિબોધિક ( મતિ ), શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એમ પાંચ પ્રકારો છે. તેમાં શ્રુતજ્ઞાન સિવાયનાં ચાર પ્રકારનાં જ્ઞાન સ્થાપ્ય યાને અસંવ્યવહાર્ય છે અને એ પોતાના સ્વરૂપના પ્રતિપાદનમાં અસમર્થ છે. આથી કરીને અણુઓગદ્દાર(સુ. ૨)માં કહ્યું છે કે-શ્રુતજ્ઞાનનાં જ ઉદ્દેસ, સમુદ્દેસ, અણુણ્ણા અને અણુઓગ પ્રવર્તે છે. આ ઉદ્દેસાદિના અર્થ વિચારાય તે પૂર્વે એ નોંધીશું કે **સમવાય**( સુત્ત ૧૩૬ વગેરે )માં તેમજ **નંદી**( સુ. ૪૬ વગેરે )માં 'ઉદ્દેસણકાલ' શબ્દનો પ્રયોગ છે. એવી રીતે **સમવાય**( સુત્ત ૧૩૬ વગેરે )માં તેમજ **નંદી**(સુત્ત ૪૬ વગેરે)માં 'સમુદ્દેસણકાલ'નો પ્રયોગ છે.

ઉદ્દેસાદિનો **અર્થ**—**અણુઓગદ્દાર**ની મલયગિરિસૂરિકૃત વૃત્તિ( પત્ર ૪ અ )માં કહ્યું છે કે—આ અધ્યયન વગેરે તારે ભણવું એમ જે ગુરુ ( શિષ્યને ) કહે તે વચન 'ઉદ્દેસ' ( સં. ઉદ્દેશ ) છે. એને યથાર્થ રીતે શીખી શિષ્ય ગુરુને એ હકીકત કહે ત્યારે એને સ્થિર પરિચયવાળું કર અર્થાત્ એને પાકું કર એમ જે ગુરુ કહે તે વચન 'સમુદ્દેસ' ( સં. સમુદ્દેશ ) છે. સ્થિર પરિચયવાળો અભ્યાસ કર્યા પછી શિષ્ય ગુરુને એ વાત કહે ત્યારે એને તું રૂડી રીતે ધારણ કરજે અને અન્યને એ ભણાવજે એમ જે ગુરુ કહે તે વચન 'અણુણ્ણા'( સં. અનુજ્ઞા ) છે. શ્રીહરિભદ્રસૂરિએ પણ ઉદ્દેસાદિનું સ્વરૂપ આ જ પ્રમાણે **અણુઓગદ્દાર**ની વૃત્તિ( પત્ર ૨ )માં આપ્યું છે અને **અણુઓગદ્દાર**ની ચુણ્ણિ-( પત્ર ૩ )માં પણ આ જ હકીકત છે એમ સમુદ્દેસ અને અણુણ્ણાને લગતા નીચે મુજબના ઉલ્લેખ ઉપરથી જોઈ શકાય છેઃ—

" समुद्देसे पवेदिते गुरु भणति-थिरपरिजियं करेहि त्ति...
पवेदिते गुरू भणति-संमं धारय अन्नेसिं च पवेदयसु त्ति "

**પાઇયસદ્દમહણ્ણવ**માં ઉદ્દેસ અને સમુદ્દેસના ઉપર મુજબ અર્થ અપાયા છે. વિસ્તારથી કહું તો આ કોશમાં પૃ. **૧૨૨૧** માં ઉદ્દેસના, (૧) પઠન સંબંધી ગુરુની આજ્ઞા, (૨) નામનું ઉચ્ચારણ[1] અને (૩) વાચના, સૂત્રપ્રદાન, સૂત્રોના મૂળ પાઠનું અધ્યાપન[2] એમ ત્રણ અર્થ અપાયા છે. એવી રીતે પૃ. **૧૦૯૪** માં સમુદ્દેસના ચાર અર્થ અપાયા છે. (૧) પાઠને સ્થિર પરિચિત કરવાનો ઉપદેશ (૨) વ્યાખ્યા, સૂત્રના અર્થનું અધ્યાપન[3] (૩) ગ્રન્થનો એક વિભાગ[4], અધ્યયન, પ્રકરણ, પરિચ્છેદ અને (૪) ભોજન. પૃ. **૧૨૦૫** માં અણુણ્ણાના (૧) પઠન સંબંધી ગુરુની એક જાતની આજ્ઞા અને સૂત્રના અર્થનું અધ્યયન એમ બે અર્થ અપાયા છે. આ પ્રમાણે અહીં જે ઉદ્દેસાદિના પહેલા પહેલા અર્થ અપાયા છે તે તે પ્રસ્તુત છે.

---

૧. આને માટે પ્રમાણગ્રન્થ તરીકે **સિરિસિરિવાલકહા**( ગા. ૧૦૯૦ )નો નિર્દેશ કરાયો છે.
૨-૩. આને માટે પ્રમાણગ્રન્થ તરીકે **વવહાર**( ૧ )નો નિર્દેશ છે.
૪ સોમદેવસૂરિએ રચેલાં **નીતિવાક્યામૃત**ના બત્રીસ વિભાગો પૈકી પ્રત્યેકને 'સમુદ્દેશ' કહ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી પરિસ્થિતિમાં "ચન્દન-જૈનાગમ-ગ્રન્થમાલા"ના દ્વિતીય પુષ્પ તરીકે ઇ. સ. [illegible] માં પ્રસિદ્ધ કરાયેલ "શ્રીમન્નન્દીસૂત્રમ્" ના ટિપ્પણરૂપ પ્રથમ પરિશિષ્ટ( પૃ. ૧૨)માં નીચે બના ઉલ્લેખગત સમુદ્દેશનું સ્વરૂપ કેવી રીતે સુસંગત ગણાય. એવો પ્રશ્ન ઉદ્ભવે [illegible]

" किसी भी शास्त्र का शिक्षण लेना हो तो गुरु की आज्ञा प्राप्त [illegible] लेना ऐसा शास्त्रीय नियम है। उसके अनुसार जब कोई शिष्य गुरु [illegible] पूछता है कि महाराज ! मैं कौनसा सूत्र पढ़ूं ? तब 'आचाराङ्ग।' अथवा 'सूत्रकृताङ्ग' पढ ऐसी गुरु की सामान्य आज्ञा को उद्देश कहते हैं, तथा आचाराङ्ग के प्रथम श्रुतस्कन्ध के प्रथम अध्ययन को पढ इस प्रकार की विशेष आज्ञा को समुद्देश कहते हैं।"

સમુદ્દેશનું જે સ્વરૂપ અહીં દર્શાવાયું છે તેને માટે કોઇ આધાર અપાયો નથી [illegible] આના લેખક મહાશયને એ સપ્રમાણ રજૂ કરવા મારી સાદર વિજ્ઞપ્તિ છે.

**ઉદ્દેસણકાલ ને સમુદ્દેસણકાલ**—આ સંબંધમાં આપણે ઉપર્યુક્ત ટિપ્પણ ( [illegible] ૧૨-૧૩ )ગત નીચે મુજબનો ઉલ્લેખ નોંધીશું:—

"पूर्व समय में गुरुजन अपने शिष्यों को कण्ठाग्र ही शास्त्र की वाचना [illegible] देते थे। इस लिये अध्ययन आदि विभाग के अनुसार उन्होंने नियत दिनों [illegible] सूत्रार्थप्रदान की व्यवस्था निर्माण की, जिसको उद्देशनकाल व समुद्देशनकाल कहते हैं। मौखिक शिक्षण की समाप्ति के लगभग ही यह प्रथा बंद हो [illegible] ऐसा प्रतीत होता है, अत एव भगवती तथा उपाङ्ग शास्त्रों के उद्देशन[illegible] का उल्लेख नहीं मिलता।"

ઉદ્દેસણકાલના સ્વરૂપ વિષે કોઇ પ્રાચીન ઉલ્લેખ નહિ મળવાથી [illegible] ઉલ્લેખ વિષે શંકા રહેવાથી મેં આનું સ્વરૂપ શું છે એ પ્રશ્ન આગમોદ્ધારક [illegible] શ્રીઆનંદસાગરસૂરિજીને પૂછ્યો. એમણે એનો ઉત્તર નીચે મુજબ આપ્યો:— [illegible]

સ્વાધ્યાયને વ્યાઘાત કરનારાં કેટલાંક કારણો એવાં છે કે જેને લીધે [illegible], [illegible] બાર બાર, ચોવીસ ચોવીસ યાવત્ અડતાલીસ કલાકો સુધી સ્વાધ્યાય થઇ શકે નહિ. [illegible] વ્યાઘાતો દિવસે તો માલમ પડી આવે પરંતુ રાત્રિને વખતે થયેલા હોય તો તે [illegible] માલમ ન પડે, તેથી તેને જાણવા માટે રાત્રિએ જે વિધિ કરાય છે તેને 'કાલગ્રહણ' કહે છે. એ કાલગ્રહણ શુદ્ધ થયા પછી શિષ્ય ગુરુને એ શુદ્ધિનું નિવેદન કરે ત્યારે [illegible] કાલિક શ્રુતના શાસ્ત્રોના ઉદ્દેશાદિક કરે, 'ઉદ્દેશ' એટલે શિષ્યે એ ભણવા પડેલાં [illegible] જાણવાની રજા માગી તે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને પાત્રની યોગ્યતા જોઇને ગુરુ [illegible] રજા આપે તે વિધિનું નામ 'ઉદ્દેસણકાલ.' આ ઉદ્દેસણકાલમાં કેટલીક વાર એક જ ઉદ્દેશકની વિધિ હોય છે અને કેટલીક વાર અનેક ઉદ્દેશકની વિધિ હોય છે.

**ઉદ્દેસણકાલની ગણના**—અંગ, શ્રુતસ્કન્ધ, અધ્યયન અને ઉદ્દેશક એ ચારેનો [illegible] જ ઉદ્દેસણકાલ છે એમ **સમવાય**( સુ. ૧૩૬ )ની વૃત્તિમાં અભયદેવસૂરિએ કહ્યું છે. [illegible] નીચે પંક્તિ આ પ્રમાણે "अङ्गस्य श्रुतस्कन्धस्याध्ययनस्योद्देशकस्य चैतेषां [illegible] र्णामप्येक एवोद्देशनकालः"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીહરિભદ્રસૂરિએ **નંદીની** વૃત્તિ( પત્ર ૯૮ )માં આ જ પ્રમાણેની હકીકત આપી છે.

**સમવાય**( સુ. ૧૩૬ વગેરે )માં બાર અંગોનું વર્ણન છે. તેમાં પાંચમા અને બારમા અંગના ઉદ્દેસણુકાલની સંખ્યા અપાઇ નથી.[1] બાકીનાની સંખ્યા નીચે મુજબ અપાઇ છે —

| અંગ | સંખ્યા | અંગ | સંખ્યા |
|---|---|---|---|
| આયાર | ૮૫ | ઉવાસગદસા | ૧૦[2] |
| સૂયગડ | ૩૩ | અંતગડદસા | ૧૦ |
| ઠાણ | ૨૧ | અણુત્તરોવવાઇયદસા | ૧૦[3] |
| સમવાય | ૧ | પણ્હાવાગરણ | ૪૫ |
| નાયાધમ્મકહા | ૨૯ | વિવાગસુય | ૨૦ |

સમવાય( સુ. ૫૧ )માં કહ્યું છે કે-નવ બ્રહ્મચર્યનાં અર્થાત્ આયારના પહેલા સુય-ક્ખંધના ૫૧ ઉદ્દેસણુકાલ છે.

**પણ્હાવાગરણને** અંગે અભયદેવસૂરિએ સમવાય( સુ. ૧૪૫ )ની વૃત્તિમાં કહ્યું છે કે-અહીં દસ અધ્યયન હોવાથી દસ જ ઉદ્દેસણુકાલ થાય છે છતાં વાચનાંતરની અપેક્ષાએ પિસ્તાલીશ સંભવે છે એટલે અહીં વિરોધ આવતો નથી.

**અંતગડદસાના** આઠ ઉદ્દેસણુકાલ કહ્યા છે એ હકીકત **નંદીને** આધારે બરાબર છે પણ સમવાય પ્રમાણે તો એ દસ છે. આ ભિન્નતાની નોંધ શ્રીઅભયદેવસૂરિએ **સમવાય**-( સુ. ૧૪૩ )ની વૃત્તિમાં લીધી છે. સાથે આ ભિન્નતા શા માટે છે તે **અમે** જાણતા **નથી** એમ પણ એમણે કહ્યું છે. આવી રીતે **અણુત્તરોવવાઇયદશા** માટે પણ એમણે કહ્યું છે.

**આચારાદિના ઉદ્દેસણુકાલની ગણતરી**—હરિભદ્રસૂરિએ **નંદીની** વૃત્તિ(પત્ર ૯૮)માં **આચારના** ૮૫ ઉદ્દેસણુકાલ કેવી રીતે છે એ અજ્ઝયણ( અધ્યયન ) દીઠ નીચે મુજબ સમજાવેલ છે.

| અજ્ઝયણ | સંખ્યા | અજ્ઝયણ | સંખ્યા | અજ્ઝયણ | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ સત્થપરિન્ના | ૭ | ૮ મહાપરિણ્ણા | ૭ | ૧૫ પાએસણા | ૨ |
| ૨ લોગવિજય | ૬ | ૯ ઉવહાણસુત્ત | ૪ | ૧૬ ઉગ્ગહપડિમા | ૨ |
| ૩ સીઓસણિજ્જ | ૪ | ૧૦ પિંડેસણા | ૧૧ | ૧૭-૨૩ સત્તિક્કયા | ૭ |
| ૪ સંમત્ત | ૪ | ૧૧ સેજ્જા | ૩ | ૨૪ ભાવણા | ૧ |
| ૫ લોગસાર | ૬[4] | ૧૨ ઇરિયા | ૩ | ૨૫ વિમુત્તિ | ૧ |
| ૬ ધુત | ૫ | ૧૩ ભાસજ્જાય | ૨ | | ૮૫[5] |
| ૭ વિમોહ | ૮ | ૧૪ વત્થેસણા | ૨ | | |

૧. આમ આ સંખ્યા નહિ આપવાનું કારણ **અભયદેવસૂરિએ** આપ્યું નથી. અન્ય કોઇએ આપ્યાની પણ ખબર નથી. **૨-૩ નંદી** પ્રમાણે તો આ બે અંગના ઉદ્દેસણુકાલ આઠ અને ત્રણ છે.

૪ **આયારનિજ્જુત્તિમાં** પાંચમા અને છઠ્ઠા અજ્ઝયણના ઉદ્દેસગની સંખ્યા પાંચ ને આઠ દર્શાવાઇ છે, જ્યારે અન્યત્ર છ ને પાંચ દર્શાવાઈ છે. જુઓ મારી ( છપાતી ) કૃતિ નામે **આગમોનું દિગ્દર્શન** ( પૃ. ૩૩ ). ભિન્ન સંખ્યા પ્રમાણે ઉદ્દેસણુકાલની સંખ્યા બે વધે તો તેનું શું ? અજ્ઝયણના ઉદ્દેસગ દીઠ એકેક ઉદ્દેસણુકાલ હોય એવો નિયમ નથી તે વાત આના જવાબમાં વિચારાય ખરી ?

૫ **સમવાય**—( સુ. ૮૫ ) માં કહ્યું છે કે ચૂલિકા સહિત આયારના ૮૫ ઉદ્દેસણુકાલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમ અહીં ૧૭ માંથી ૨૫ મા સુધીનાં અજ્ઝયણનો એકેક ઉદ્દેસણકાલ ગણાવ્યો છે. ૮૫ ઉદ્દેસણકાલની ગણતરીને માટે એક સંગ્રહગાથા નીચે મુજબ અવતરણરૂપે અપાઇ છે:—

“ सत्त य छच्चाउ चउरो छ पंच अट्ठेव सत्त चउरो य ।
एक्कार ति तिय दो दो दो दो सत्तेक्क एक्को य ॥ ”

વિશેષમાં આની પછી એવો ઉલ્લેખ છે કે સમુદ્દેસણકાલ પણ આવી રીતે જાણવા.

સૂયગડના ૩૩ ‘ઉદ્દેસણકાલ’ને માટે નીચે મુજબની ગાથા અવતરણરૂપે અભયદેવસૂરિએ સમવાય( સુ. ૧૩૭ )ની વૃત્તિમાં આપી છે:—

“ चउ तिय चउरो दो दो एक्कारस चेव हुंति एक्कसरा ।
सत्तेव महज्झयणा एगसरा बीयसुयखंधे ॥ ”

અર્થાત પહેલાં પાંચ અજ્ઝયણના અનુક્રમે ૪, ૩, ૪, ૨, ૨, એમ ઉદ્દેસણકાલ છે. એ પછીનાં અગિયાર અજ્ઝયણ એગસરા એટલે કે ઉદ્દેસરૂપ વિભાગ વિનાનાં હોવાથી એ દરેકનો એકેક ઉદ્દેસણકાલ જ છે ( આમ પહેલા સુયક્ખંધના ૨૬ ઉદ્દેસણકાલ છે ) બીજા સુયક્ખંધનાં સાત અજ્ઝયણ એગસરા હોઇ એના સાત ઉદ્દેસણકાલ છે. આમ એકંદર ૩૩ ઉદ્દેસણકાલ છે.

ઠાણના ૨૧ ઉદ્દેસણકાલ કેવી રીતે છે એ પ્રશ્ન ઊઠાવી અભયદેવસૂરિ સમવાય (સુ. ૧૩૮ )ની વૃત્તિમાં કહે છે કે-બીજા, ત્રીજા અને ચોથા અધ્યયનના ચચ્ચાર ઉદ્દેશક છે અને પાંચમાના ત્રણ છે એથી પંદર ઉદ્દેસણકાલ થયા. બાકીનાં છ અધ્યયનો પૈકી પ્રત્યેકનો એકેક ઉદ્દેસણકાલ હોવાથી કુલ્લે ૨૧ ઉદ્દેસણકાલ છે.

સમવાય માટે અભયદેવસૂરિએ કશું કહ્યું નથી, કેમકે એઓ પહેલાં જ કહી ગયા છે કે અંગ, શ્રુતસ્કન્ધ, અધ્યયન અને ઉદ્દેશક કે એ ચારેને માટે એક જ ઉદ્દેસણકાલ છે અને સમવાય એ એક અજ્ઝયણરૂપ અને એક સુયક્ખંધરૂપ છે એટલે આ હિસાબે એનો એક જ ઉદ્દેસણકાલ ગણાય એ બરાબર છે.

નાયાધમ્મકહાના ઉદ્દેસણકાલની ગણના માટે અભયદેવસૂરિએ કશો નિર્દેશ કર્યો નથી. પણ એના પહેલાં સુયક્ખંધમાં ૧૯ અજ્ઝયણો અને બીજામાં ૧૦ છે અને એ બધા એગસરા છે એટલે આ અંગના ૨૯ ઉદ્દેસણકાલ ગણાવી શકાય તેમ છે. એવી રીતે ઉવાસગદસાનાં દસ અજ્ઝયણો છે અને એ એગસરા છે એટલે એના દસ ઉદ્દેસણકાલ અને અંતગડદસાના આઠ વર્ગ છે અને એ એગસરા હોવાથી એના આઠ ઉદ્દેસણકાલ છે એમ આપણે દલીલ કરી શકીએ.

અણુત્તરોવવાઇયદસાના ત્રણ વર્ગ છે એ હિસાબે નંદીમાં એના ત્રણ ઉદ્દેસણકાલ ગણાવાયા હોય એમ લાગે છે. સમવાય( સુ. ૧૪૪ )માં તો દસ કહ્યા છે. આ સંબંધમાં શ્રી અભયદેવસૂરિ આની વૃત્તિમાં કહે છે કે-અધ્યયનનો સમૂહ તે વર્ગ છે, વર્ગમાં દસ અધ્યયનો છે, અને વર્ગનો એક સાથે જ ઉદ્દેસ કરાય છે એટલે ત્રણ ઉદ્દેસણકાલ થાય છે અને આમ નંદીમાં કહ્યું છે. અહીં તો દસ કહ્યા છે પણ એનો હેતુ સમજાતો નથી.

આ ઉપરથી બે બાબત જોઇ શકાય છે. (૧) ઉપર્યુક્ત અંગોના જે અજ્ઝયણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદ્દેસઅ છે તેને તેના ઉદ્દેસઅની **સંખ્યા** બરાબર **ઉદ્દેસણકાલ છે. (૨) જે એગસરા** અજઝયણા છે તેને એકેક જ ઉદ્દેસણકાલ છે.

જેમ અંગોના ઉદ્દેસણકાલ માટે આગમોમાં ઉલ્લેખ છે તેમ બાકીના બધા **આગમો** માટે હોય એમ જણાતું નથી. **સમવાય**( સુ. ૨૬ )માં **દસાનાં દસ, કપ્પના છ અને વવહારના** દસ ઉદ્દેસણકાલ છે એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. આની વૃત્તિમાં શ્રી **અભયદેવસૂરિ કહે** છે કે જે શ્રુતસ્કંધમાં અને જે અધ્યયનમાં જેટલાં અધ્યયનો કે ઉદ્દેશકો હોય ત્યાં તેટલા જ. ઉદ્દેશનકાલ **અર્થાત્** ઉદ્દેશનાં અવસર છે. **પ્રસ્તુત** પંક્તિ નીચે પ્રમાણે છે.

**" यत्र श्रुतस्कन्धेऽध्ययने च यावन्त्यध्ययनान्युद्देशका वा तत्र तावन्त एव उद्देशनकालाः-उद्देशावसराः श्रुतोपचाररूपा इति ॥**[1]

**સમવાય**નાં સુ. ૩૭, ૩૮ અને ૪૦ માં [2]**ખુડ્ડિયાવિમાણપવિભત્તિ**( ક્ષુલ્લિકા-વિમાનપ્રવિભક્તિ )ના પહેલા, બીજા અને ત્રીજા વર્ગના અનુક્રમે ૩૭, ૩૮ અને ૪૦ ઉદ્દેસણકાલ છે એવો ઉલ્લેખ છે એવી રીતે **મહાલિયા**[3]**વિમાણપવિભત્તિ**ના પહેલા વર્ગના ૪૧, બીજાના ૪૨, ત્રીજાના ૪૩, ચોથાના ૪૪ અને પાંચમાના **૪૫ ઉદ્દેસણકાલ હોવાના** ઉલ્લેખ સુ. ૪૧-૪૫ માં **અનુક્રમે** છે,

[4]**સમુદ્દેસણકાલની સંખ્યા-સમવાય-**( સુ. ૧૩૬ વગેરે )માં જેમ **ઉદ્દેસણકાલની** સંખ્યા દર્શાવાઇ છે. તેમ સમુદ્દેસણકાલની **સંખ્યા** પણ દર્શાવાઈ છે. પાંચમા **અને બારમા** અંગના સમુદ્દેસણકાલની સંખ્યાનો નિર્દેશ નથી વિશેષમાં **સમવાય** માટે પણ **એમ જ** છે. બાકી બધા અંગો માટે તો જેટલા ઉદ્દેસણકાલ કહ્યા એટલા જ સમુદ્દેસણકાલ કહ્યા છે. આથી બે વાત ફલિત **થાય** છે.

( ૧ ) ઉદ્દેશ અને સમુદ્દેશનું સાહચર્ય જોતાં **સમવાય**માં સમુદ્દેસણકાલનો પાઠ **પડી** ગયો હોય એમ લાગે છે. (૨) ઉદ્દેસણકાલની **સંખ્યાની** બરાબર **સમુ`સણકાલની સંખ્યા** હોવી જોઇએ અને છે પણ તેમજ.

અંતમાં અહીં જે આગમોના ઉદ્દેસણકાલ વિષે ઉલ્લેખ કરાયો નથી તે પૈકી કાલિક શ્રુતરૂપ અન્ય આગમોને અંગે ઉદ્દેસણકાલ હોય એમ જાણવા મળે છે તો એ પ્રથા કોણે ક્યારે કેમ દાખલ કરી અને એમાં કોઇ બાબતસર મતભેદ છે કે કેમ તે વિચારવાનું બાકી રહે છે પણ અત્યારે એને આ લેખમાં સ્થાન આપી શકાય તેમ નથી.

卐

---

**૧** આ ઉપરથી ઉદ્દેસણકાલ એટલે ઉદ્દેસને અંગેની વિધિ એવો અર્થ કેવી રીતે યુક્તિસંગત ગણાય એવો પ્રશ્ન ઊઠે ખરો. **૨-૩** આ બંને કાલિક **શ્રુતરૂપ** છે.

**૪ પાઇયસદ્દમહણ્ણવ**( પૃ, ૧૦૯૪ ) માં 'સમુદ્દેસણ' શબ્દ નોંધ્યો છે અને એને **માટે** " ણંદિ ૨૦૯ " એમ મૂળ સ્થળ સૂચવાયું છે, પણ એમાં 'સમુદ્દેસણ' એવો સ્વતંત્ર શબ્દ **નથી** પણ 'સમુદ્દેસણકાલ' એમ છે. આ કોશમાં સમુદ્દેસણનો અર્થ 'સૂત્રના અર્થનું અધ્યાપન' એમ કરાયો છે તો **શું** એ બરાબર છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર

( પ્રશ્નકારઃ—ભાઈ દેવચંદ કરશનજી-રાધનપુર. )

**પ્રશ્ન ૧**—ઉપશમ સમકિત પામેલા સર્વ જીવોને સમકિત સરખું હોય કે તેમાં કાંઇ તારતમ્યતા હોય ?

**ઉત્તર**—સરખું જ હોય. ક્ષયોપશમ સમકિતમાં તારતમ્યપણાનો સંભવ છે. ઉપશમ ને ક્ષાયકમાં તેવો સંભવ નથી.

**પ્રશ્ન ૨**—અંધ મનુષ્ય ચાર જ્ઞાન પૈકી કેટલા જ્ઞાન પામી શકે ?

**ઉત્તર**—પ્રથમના ત્રણ જ્ઞાન પામી શકવા સંભવ છે, કારણ કે તે દીક્ષાને અયોગ્ય છે અને ચારિત્ર વિના મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થતું નથી.

**પ્રશ્ન ૩**—અંધ માણસ ઉપશમશ્રેણી ને ક્ષપકશ્રેણી માંડી શકે ?

**ઉત્તર**—માંડી શકે, કારણ કે તે કેવળજ્ઞાન પામી શકે છે તો કેવળજ્ઞાન ક્ષપકશ્રેણી વિના કેમ પામી શકાય ?

**પ્રશ્ન ૪**—એક ગુણઠાણાવાળા બધા જીવોના અધ્યવસાય સરખા હોય ?

**ઉત્તર**—આઠમા ગુણસ્થાન સુધી તરતમ યોગ હોય, નવમા ગુણઠાણાથી પ્રત્યેક સમયે આવનારના સરખા અધ્યવસાય હોય. શ્રેણીને અંગે ભેદ પડે છે.

**પ્રશ્ન ૫**—ચક્ષુદર્શનાવરણીયનો સર્વ ક્ષયોપશમ થાય ત્યારે જ જીવને ચક્ષુની પ્રાપ્તિ થાય કે કેમ ?

**ઉત્તર**—સર્વથા ક્ષયોપશમ થાય જ નહીં, બાકી એવો ક્ષયોપશમ તો હોવો જ જોઇએ પણ તેમાં તરતમ ભાવ હોય.

**પ્રશ્ન ૬**—ચક્ષુઇંદ્રિયનો લાખ યોજનનો ઉત્કૃષ્ટ વિષય છે તે કેમ હોય ?

**ઉત્તર**—ચક્ષુદર્શનાવરણીયના ઉત્કૃષ્ટ ક્ષયોપશમવાળા મનુષ્ય ઉત્તરવૈક્રિય કરે ત્યારે હોય એમ મારું માનવું છે.

**પ્રશ્ન ૭**—દરેક ઇંદ્રિયનો જેટલા જેટલા યોજનનો વિષય કહ્યો છે તે દરેક તે તે ઇંદ્રિયવાળાને હોય ?

**ઉત્તર**—દરેકને તેટલો વિષય સંભવતો નથી. ક્ષયોપશમને અંગે તરતમ યોગ હોય.

**પ્રશ્ન ૮**—અનુગામી વિગેરે અવધિજ્ઞાનના છ ભેદો છે તે ભેદવાળા દરેક અવધિજ્ઞાનીને જ્ઞાન સરખું હોય ?

**ઉત્તર**—ન હોય, ક્ષયોપશમ ભાવમાં તરતમતા હોય જ હોય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રશ્ન ૯—પૂર્વજની મૂર્ત્તિ કરાવીને તેનું પૂજન કરવાથી મિથ્યાત્વ લાગે કે કેમ?

ઉત્તર—તેનું પૂજન કરવું યોગ્ય જણાતું નથી, વડીલ માનીને પ્રણામ કરે તો બસ છે. વિશેષ કરવાથી મિથ્યાત્વ લાગવાનો સંભવ છે.

પ્રશ્ન ૧૦—ઈત્વરકાળની સ્થાપના સામાયિક લેતા કરી હોય, પછી સામાયિક પારતા અથવા પહેલાની સાથે જ બીજું સામાયિક લેતાં ફરીને કરવી પડે કે નહી?

ઉત્તર—ફરીને કરવાની જરૂર નથી. જો હાલીચાલી હોય તો કરવી પડે.

પ્રશ્ન ૧૧—દૃષ્ટિ અને ઉપયોગના અસ્થિરપણાને લઇને ઇત્વરકાળની સ્થાપના ફરીને કરવી જોઇએ કે નહિ?

ઉત્તર—કરવાની જરૂર જણાય છે, પરંતુ તેવી પ્રવૃત્તિ નથી.

પ્રશ્ન ૧૨—દેવતાઓ એકેંદ્રિયમાં જાય છે ને વિકળેંદ્રિયમાં જતા નથી તેનું શું કારણ?

ઉત્તર—એ જગતસ્વભાવ છે. ઉપરાંત એકેંદ્રિય પૃથ્વીકાય, અપ્કાય ને પ્રત્યેક વનસ્પતિકાય સાથે તેનો સંબંધ હોવાથી તેના પર ગાઢ મૂર્ચ્છા થવાનો સંભવ છે તેથી તેવું આયુષ્ય બાંધી તેમાં ઉપજે છે. વિકળેંદ્રિયો ત્યાં છે જ નહીં. તેમજ તે જ્યાં છે ત્યાં ઉપદ્રવના કરનારા જ છે તેથી તેના પર મોહ થવાનો સંભવ પણ નથી.

પ્રશ્ન ૧૩—પુદ્ગળોની આઠ પ્રકારની વર્ગણાઓ છે તેમાં વિસશ્રા ને મિશ્રસારૂપ ભેદ છે કે નહીં?

ઉત્તર—એ ભેદ તેમાં નથી. એ વર્ગણાઓ બધી સ્વભાવે બનેલી જ હોય છે.

પ્રશ્ન ૧૪—મનોવર્ગણામાં અને ભાષાવર્ગણામાં પ્રયોગસા વિગેરે ભેદ હોય છે?

ઉત્તર—એવા ભેદો એ વર્ગણામાં હોતા નથી. ગ્રહણ કર્યા પછી તેવા ભેદો પડવાનો સંભવ છે. વળી ભાષાવર્ગણા તો બીજા પુદ્ગળોને વાસિત કરે છે તે જ સંભળાય છે.

પ્રશ્ન ૧૫—દરેક નિગોદમાં પ્રત્યેક સમયે અનંતા જીવો ચ્યવે છે ને ઉપજે છે તે કાયમ સરખા જ હોય કે ઓછાવત્તા હોય?

ઉત્તર—ઓછાવત્તા હોય પણ અનંતા તો હોય જ.

પ્રશ્ન ૧૬—અહીંથી જેટલા જીવો મોક્ષે જાય તેટલા જ જીવો અવ્યવહારરાશિમાંથી નીકળે કે તેથી ઓછાવત્તા નીકળે?

ઉત્તર—તેટલા જ નીકળે. ઓછાવત્તા ન નીકળે.

સ્વ૦ કુંવરજીભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શું એ હાર ટોડલો ગળી ગયો ?

# સતી દમયંતીના સત્યની અગ્નિપરીક્ષા.

(પ્રાચીન સ્ત્રીનું આર્યત્વ દર્શાવતો, સ્ત્રીપાત્રોથી જ ભજવી શકાય એવો સત્ય અને કલ્પનામિશ્ર એક ઐતિહાસિક કરુણાજન્ય સંવાદ)

લેખક:—શ્રી. મગનલાલ મોતીચંદ શાહ—વઢવાણ કેમ્પ.

(સંવાદમાં આવતા પાત્રોનો સહજ પરિચય.)

**દમયંતી**—જૈન શાસ્ત્રકારોએ વર્ણવેલી સોળ સતીઓમાંની આ એક ઉત્કૃષ્ટ સતી, નિષધ દેશના મહાપ્રતાપી પુણ્યશ્લોક તરીકે ઓળખાતા ભૂપતિ નળ રાજાની અતિ ધૈર્યવાન અને ગુણવાન ધર્મપત્ની, અને વૈદર્ભદેશના ભીમક (ભીમરથ) રાજાની પુત્રી.

નળ અને દમયંતીના જીવનો આઠ ભવનો સંબંધ શાસ્ત્રકાર બતાવે છે તેમાંનો આ તેમનો છઠ્ઠો ભવ છે. બંને મોક્ષગામી છે, આઠમે ભવે બંને મોક્ષ પામે છે. દમયંતીનો પુણ્યપ્રભાવ વિશેષ હોવાથી તે નળ રાજા પહેલાં મોક્ષે જાય છે, શુભ ધર્મકરણીના પ્રભાવે દમયંતીના કપાળમાં એક તિલક જેવો પ્રકાશમાન આકાર જન્મથી જ પડેલો છે.

**રાજમાતા**—એ દમયંતીની સગી માસી ભાનુમતી. ચૈદ્યવસુપુરી નગરીના રાજા સુબાહુની માતા. જૈન ઇતિહાસ પ્રમાણે અચળપુરના રાજા ઋતુપર્ણની ચંદ્રયશા નામની રાણી.

**ઈંદુમતી**—એ રાજમાતાની પુત્રી, દમયંતીની માસીની દીકરી, રાજા સુબાહુની બેન.

નળરાજાએ કળિના પ્રભાવથી વનવાસમાં રાત્રિના સમયમાં સૂતેલી દમયંતીને જ્યારથી તજી દીધી ત્યારથી તે અતિ દુઃખી થતી અપાર રૂદન કરતી જંગલમાં આમતેમ રખડે છે. નીચેની કડીમાં તેના દુઃખનું દર્શન થાય છે.

**રોઈ રોઈ રાતી આંખડી, ખૂટયું આંસુનું નીર,**
**નયને ધારા બે ઝરે, વહે છે રુધિર—વૈદરભી વનમાં વલવલે.**

**દમયંતી**—(સ્વગત) અરે! હું એકલી શું કરું? કયાં જાઉં? અરે પ્રભુ! મારા નસીબમાં આવું જ માંડયું હશે કે? હવે પગમાં ચાલવાની શક્તિ રહી નથી. જંગલમાં રખડીરખડીને થાકી, ઘણાં ઘણાં દુઃખો ભોગવ્યાં. નૈષધનાથનાં દર્શન તો પ્રભુ જ્યારે કરાવે ત્યારે ખરા. જરા વિસામો લઇને પછી આગળ ચાલું. ભૂખનાં દુઃખ વસમાં છે જે આજે અનુભવાય છે. ખેર! પ્રભુને ગમ્યું તે ખરૂં. જીવ! હિંમત રાખ, હિંમત રાખ. જ્ઞાનીઓના વચન યાદ કર. કહ્યું છે કે,—

**विपत्तौ किं विषादेन, संपत्तौ हर्षणेन किम्?**
**भवितव्यं भवत्येव, कर्मणो गहना गतिः ॥**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મની ગતિ ગહન છે, અકથ્ય છે, જેથી હર્ષ શોક નકામો છે. ફળ ફૂલથી હવે કાયા ટકી શકે તેવું નથી, પોષણ જેટલું અન્ન મેળવવાનો પ્રયત્ન તો અવશ્ય કરવો જ પડશે, નહીં તો દેહ અહીં જ પડી જશે. ચાલ જીવ ચાલ ! આગળ ચાલ. ( જરા ચાલે છે એટલામાં ) વાહ ! એક શહેર તો દેખાયું, દરબારગઢ તો મોટો દેખાય છે. લાવ ને ગામમાં જાઉં. કાંઇક જીવાઇ મળી રહેશે. દાંત આપ્યા છે તો ચાવણું પ્રભુ આપશે. " કીડીને કણ " ને " હાથીને હારો " મળી જ રહે છે. બાળકના જન્મ્યા પહેલાં જ તેના ધાવણની ગોઠવણ જગન્નિયંતાએ કરી રાખેલી છે, તે મને ભૂખી રાખશે કે ? ( આગળ ચાલે છે. )

અરે ! આ દરબારગઢમાં તો આવી પહોંચી, કોઇ રોકશે તો શું કરીશ ? ના, ના, અહીં તો કોઇ અટકાવતું જ નથી. આ શો પ્રભાવ ? અહાહા ! આ તો કોઇ રામનો જ દરબાર લાગે છે, ઠેઠ રાણીવાસ સુધી આવી પહોંચી પણ કોઇ ના કહેતું જ નથી. સામાં ગોખમાં ઉભેલાં કોઈ રાણી સાહેબ જેવાં જ દેખાય છે. લાવને હિંમત રાખી પહોંચી જાઉં. " મનુષ્ય યત્ન, ઇશ્વરકૃપા " ( રાણી પાસે જઇ બે હાથ જોડી ઊભી રહે છે. )

**રાજમાતા**—અરે ! બાઇ તું કોણ છે ? અને અહીં કેમ આવી ચડી છે ?

**દમયંતી**—દુઃખની મારી જ તો, પેટ ભરવાની આશાએ આવી છું.

**રાજમાતા**—જોવામાં તો તું દુઃખી લાગે છે, પરંતુ કુળવાન સ્ત્રી તરીકે તારો પ્રભાવ છાનો રહેતો નથી. તારું શરીર અતિ દુર્બળ છે, પરંતુ તેજસ્વી લાગે છે. ખરું કહે તું કોણ છે ?

**દમયંતી**—હું એક અતિ દુઃખી સ્ત્રી છું. મારો પતિ બહુ ગુણવાન છે, પરંતુ કર્મયોગે મને જંગલમાં મૂકીને નાશી ગયા છે, ત્યારથી આવી અસહાય અવસ્થામાં આમ-તેમ રખડતી ફળ ફૂલ ખાઇને દિવસ ગુજારું છું, એમ કહી રડી પડે છે.

( દમયંતીનું રુદન જોઇ રાજમાતાને દયા આવે છે )

**રાજમાતા**—મને તારા પર સ્વાભાવિક જ પ્રેમ આવે છે, તારું રુદન હું જોઇ શકતી નથી. ત્યારે ભલે તું અમારા દરબારમાં રહીને કામકાજ કરશે કે ?

**દમયંતી**—હા, જી. આપના દરબારમાં દાસી તરીકે રહીને કામકાજ કરીશ.

**રાજમાતા**—ભલે તું અહીં રહે ને કામકાજ જે બતાવીએ તે કર. સારું કામ કરીશ તો સારો બદલો આપશું અને તારા પતિની શોધખોળ પણ કરાવશું.

**દમયંતી**—માતાજી ! મને કાંઇ વિશેષ જોઇતું નથી. પોષણ જેટલું અન્ન મળે તો બસ, પરંતુ મારી બે ત્રણ નમ્ર અરજ પર ધ્યાન આપો તો હું અહીં જ રહેવા ખુશી છું.

**રાજમાતા**—ભલે, તારે જે જોઈએ તે માગી લે.

**દમયંતી**—માતાજી ! હું કોઇનું ઉચ્છિષ્ટ ( એઠું ) ખાતી નથી, તેમજ પાદપ્રક્ષાલન ( કોઈના પગ ધોવા ) કરતી નથી. સંતપુરુષ સિવાય બીજા સાથે વાત કરતી નથી. મારી કોઇ ચેષ્ટા કરે તેને શિક્ષા કરવી. આ શરતે હું અહીં રહેવા ખુશી છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાજમાતા**—( સ્વગત-આ બાઇ કોઇ સુપાત્ર છે પણ દુઃખની મારી જ અહીં આવી ચડી હોય એમ લાગે છે. ) ભલે બેટા! તારી બધી ઇચ્છાઓને અમે માન આપશું. હવે અહીં જ રહે, ને જે બતાવીએ તે કામકાજ કર. કામકાજમાં ધ્યાન રાખજે.

**દમયંતી**—બહુ સારું, માજી! ગમે તેવું કઠણ કામ સોંપશો તોયે કરીશ. તમારું અન્ન ખાઇશ ત્યાંસુધી મારા પ્રાણથી પણ અધિક તમારું કામ ગણીશ.

**રાજમાતા**—( સ્વગત-વાહ! નાની ઉમ્મર પણ કેટલી લાયકાત જણાય છે. કોઇ ખાનદાનનું ફરજંદ લાગે છે. તેની વાણીમાં કેટલી મીઠાશ છે? મને એના પર આટલું બધું વહાલ કેમ આવતું હશે? ખરેખર આર્ય સન્નારીને શોભે એવા જ એનાં લક્ષણ છે. )

વારૂ, ત્યારે બેટા! અહીં જ રહે.

**દમયંતી**—બહુ સારૂં, જેવી આજ્ઞા.

( એટલામાં રાજમાતાની પુત્રી ઇંદુમતી ત્યાં આવી પહોંચે છે. )

**ઇંદુમતી**—માતાજી! આ બાઇ કોણ છે? અને અહીં કેમ આવી છે? તમે શું વાતચીતમાં ગુંથાયા છો?

**રાજમાતા**—એ કોઇ ગરીબ બાઇ છે, દુઃખની મારી પેટ ભરવા માટે અહીં આવેલી છે, આપણે ત્યાં દાસી તરીકે કામકાજ કરશે. આપણે એને ખાવાપીવા આપશું એટલે બસ, સમજી બેટા!

**ઇંદુમતી**—માતાજી! આપણે ત્યાં ક્યાં દાસીઓની ખોટ છે? આની શું જરૂર છે? ઝાઝી ભેગી કરીને શું કરશો?

**રાજમાતા**—બેટા! મને એની ગરીબાઇ પર બહુ દયા આવે છે, વળી એ ગુણવાન જણાય છે, તો ભલે રહી. તારી સાથે જ રહેશે અને તારું કામકાજ કરશે, વળી ઉમ્મરમાં પણ તમે બંને સરખા લાગો છો એટલે વાતવિનોદ પણ થશે. તેમજ ગરીબોને દાન આપવામાં પણ તને મદદ કરશે.

**ઇંદુમતી**—બહુ સારું માતાજી! જેવી આપની આજ્ઞા. ( બાઇ તરફ જોઇને ) ચાલ મારી સાથે ચાલ. હું કહું તે કામ બરાબર કરવું પડશે. સમજી?

**દમયંતી**—ઘણી ખુશીથી કરીશ બેન! તમારું કામ કરવા માટે જ રહી છું. હું દાસી થઇને તમારું કામ કેમ નહિ કરું?

**ઇંદુમતી**—( માતાજી તરફ જોઇને ) માતાજી! આવી દુર્બળ અને ચીથરેહાલ કેમ હશે!

**રાજમાતા**—બેટા! તું રાજમહેલમાં ઉછરેલી એટલે ગરીબોનાં દુઃખનો તને શું ખ્યાલ આવે, કંગાલ જીવન તો આવાં જ હોય ને!

**ઇંદુમતી**—એમ કેમ? માતાજી!

**રાજમાતા**—એ બધી કર્મની રચના છે બેટા! જીવ શુભ કર્મના ઉદયે સુખની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ કરે છે ત્યારે અશુભ કર્મના ઉદયે તેને દુઃખ ભોગવવું જ પડે છે. એટલા માટે જ કહ્યું છે કે-" **अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्** " જે ભાવે જેવું કરાય છે તેવુંજ ભોગવાય છે. બાંધેલાં કર્મ ભોગવ્યા સિવાય તેમાંથી છૂટી શકાતું નથી.

**દમયંતી**—માતાજી ! ખરી વાત છે, કર્મની ગતિ વિચિત્ર છે, " **कर्मणो हि प्रधानत्वं** " તેની આગળ કોઇનું ડહાપણ ચાલતું નથી. ગમે તેવો રાય હોય તે રંક દશામાં આવી જાય છે, અને રંક હોય તે પુણ્યયોગે રાજા બની જાય છે. સમયની બલિહારી છે માતાજી ! કહ્યું છે કે,—

**વખત પલટાય છે જ્યારે, બધું પલટાઇ જાયે છે;**
**બનાવે શાહને ખાદિમ, ગુલામો શાહ થાયે છે.**

**રાજમાતા**-(સ્વગત: બાઈ સુપાત્ર છે તેમાં તો શક નથી. નાની ઉમ્મરમાં કેટલું જ્ઞાનબળ દેખાય છે, મને મારી બેનની દીકરી જેવી કેમ લાગતી હશે ? ના, ના, એમ બને જ નહિ, આ તો ભ્રમણા થઈ, એને ઇંદુમતી પાસે રાખીશું, તો તેને એક વિનોદનું સ્થાન થશે. ઇંદુમતી તરફ જોઇને,) બેટા ! તને આ સખી સોંપું છું. (રાજમાતા જાય છે.)

**ઇંદુમતી**-બહુ સારું માતાજી ! અમે બંને સાથે રહીને આનંદ કરશું ( ઇંદુમતી દમયંતીને પોતાના સ્થાન પર લઇ જાય છે, ત્યાં કેટલોક સમય શાંતિમાં ગાળ્યા પછી કળિના ચમત્કારનો છેલ્લો પાસો આ મહાસતીના શિરે ઓચિંતો આવી પડે છે જેથી તે પારાવાર દુઃખી થાય છે. )

**ઇંદુમતી**-દાસી ! જો આ મારો રત્નનો હાર ! આ ટોડલા ઉપર મૂકું છું, બરાબર ધ્યાન રાખજે. હું સ્નાનગૃહમાં નહાવા જાઉં છું. ( દૈવયોગે હાર અદૃશ્ય થાય છે. )

**દમયંતી**-બહુ સારું બેન ! અહીં જ બેઠી છું. ભલે નહાવા પધારો.

**દમયંતી**-સ્વગત-અરે વિધાતા ! તારી ગતિ વિચિત્ર છે. આજે માશીને ત્યાં જ દાસી તરીકે રહેવાનો વખત આવ્યો છે. હું એક રાજાની કુંવરી આજે પેટને માટે દાસીપણું કરું છું. પ્રારબ્ધ ! તારી બલિહારી છે. મોસાળમાં એક જ પારણામાં સુનાર ક્યાં ઇંદુમતી ને ક્યાં હું ? જમીન આસમાન જેટલો જ તફાવત, એમ કહી રડે છે, અરે ! આ હું શું કરું છું ? જીવ ! હિંમત રાખ, હિંમત રાખ, કોઇ જાણશે તો બાજી બગડી જશે.

એટલામાં ઇંદુમતી નાહીને આવી પહોંચે છે, અને ટોડલા ઉપર જુએ છે તો મૂકેલો હાર દેખાતો નથી, જેથી ભારે વિમાસણમાં પડી જાય છે.

**ઇંદુમતી**-( સ્વગત—અરે ! હાર ક્યાં ગયો હશે ! અહીં કોઇ આવ્યું નથી ને આ શું થયું ? આ દાસી સિવાય બીજું તો કોઇ છે જ નહિ, શું તેણે લીધો હશે ? ) અરે, દાસી ! આ ટોડલા ઉપર હાર મૂકયો હતો તે ક્યાં ગયો ?

**દમયંતી**-બેન ! તે તો ત્યાં જ હોવો જોઇએ, હું અહીંથી ઊભી થઇ નથી. તમારી આજ્ઞા મુજબ હાર સાચવવા જ અહીં બેઠી છું. બહારથી કોઈ આવ્યું જ નથી તો ત્યાં જ તપાસો. નીચે પડી ગયો હશે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઇંદુમતી**–( બધે જોઇને ) અરે દાસી, તને કહીને જ આ ટોડલા ઉપર મૂકયો હતો. અને અહીં તો દેખાતો નથી. વળી બહારથી કોઇ આવ્યું નથી તો જાય કયાં ? તું જ લઇ ગઇ કે શું ?

**દમયંતી**–બેન, હું તો અહીં જ બેઠી છું. અહીંથી ઊભી પણ થઇ નથી. બહારથી આવનારની સંભાળ રાખું છું. વળી બહારથી પણ કોઇ આવ્યું નથી.

**ઇંદુમતી**—ત્યારે શું ટોડલો ગળી ગયો ? હાર જાય કયાં ? તારા વિના કોણ લે ?

**દમયંતી**—પ્રભુ જાણે, શું થયું ? મેં તો લીધો જ નથી. હારને હું શું કરું ?

**ઇંદુમતી**—ખરૂં કહે તારી પાસે જ હોવો જોઇએ. ત્રીજું જણ કોઇ આવ્યું નથી તો લે કોણ ? તારા સિવાય બીજો ચોર અહીં કોણ છે ?

**દમયંતી**—હું ચોર હોઉં તો જુઓ આ મારું શરીર, હાથ અને પગ.

**ઇંદુમતી**—જોયા તારા હાથ પગ, ગરીબ ભોળી લાગે છે, તું જ ચોર છે, હાર જાય કયાં ? શું ટોડલો ગળી ગયો ? કે પાંખો આવીને ઉડી ગયો ! તારા વિના કોણ લે ?

**દમયંતી**—પ્રભુ પ્રભુ કરો મેં કાંઇ સંતાડ્યો છે કે નાખી દીધો છે, આવું શું બોલો છો ? પ્રભુ નહિ સાંખે, હું કાંઇ ચોર નથી.

**ઇંદુમતી**—તું ચોર નહિ ત્યારે શાહુકાર ! તારા વિના બીજું લે કોણ ? મેં માતાજીને કહ્યું હતું કે આવી દાસીઓને શા માટે દરબારમાં પેસવા દો છો ?

**દમયંતી**—હું ચોર હોઉં તો રાજમાતા મને રાખે જ કેમ ?

**ઇંદુમતી**—માતાજીએ તો તને બહારથી સતી જેવી જાણીને રાખી, પણ કોઇ અંદર પેસી નીકળ્યું છે ? લાકડાની પોલની અને માણસના બોલની કેમ ખબર પડે ?

**દમયંતી**—બેન ! મારા જેવી ગરીબ અને નિરાધાર દાસી પર આવું તહોમત ન મૂકો મારા પર આવો જૂલ્મ ન કરો. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે–મેં હાર લીધો નથી જેના સાક્ષી ઇશ્વર છે.

**ઇંદુમતી**—જાણ્યું તારું ડહાપણ, હું કયાં ઇશ્વરને પૂછવા જઉં ? મારો નવ લાખ રૂપીઆનો નવ શેરો હાર, આ ટોડલા ઉપરથી જાય કયાં ? શું ટોડલો ગળી ગયો ! તારા સિવાય લે કોણ ? એમ તો કહે.

**દમયંતી**—અરે પ્રભુ ! મારા પર આ અચાનક દુઃખ કયાંથી આવી પડયું ! "ઘરની બળી વનમાં ગઇ ને વનમાં લાગી લાય" તેના જેવું થયું. પેટ ભરવાની આશાએ મને આ દુઃખમાં હડસેલી મૂકી. હે જમીન માતા ! માર્ગ આપ તો તારા પેટમાં સમાઇ જાઉં. આ જીવવા કરતાં મરવું સારું.

**ઇંદુમતી**—બેસ, બેસ, સાચનું પૂતળું ભારે, ઝાઝી વેવલી થા મા.

( આમ વાદવિવાદ ચાલે છે એટલામાં રાજમાતા વગેરે ત્યાં આવી ચડે છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાજમાતા**—બેનો લડો છો કેમ ?

**ઇંદુમતી**—માતાજી ! તમે મને આ રૂપાળી સખી સોંપી છે ને તે તો ખરેખરી ચોર નીકળી. હું નાહવા ગઇ ત્યારે મારો રત્નનો હાર આ ટોડલે મૂકતી ગઇ. આવીને જોઉં છું તો હાર દેખાતો નથી. શું ટોડલો ગળી ગયો ? અહીં કોઇ આવ્યું નથી. આ ચોર નહિં તો બીજું કોણ ?

**દમયંતી**—માતાજી ! માતાજી ! મેં હાર લીધો નથી. હરિ જાણે આ શું થયું ! ખરેખર આ તો દૈવ કોપ જ થયો, માતાજી ! હું ચોરી કરૂં એવી નથી. પૂર્વના કર્મયોગે મારા પર આ આફત આવી પડી છે, મારા પ્રારબ્ધ નબળાં છે જેથી મારે માથે આ વિપત્તિનું વાદળ ઘેરાયું છે.

**ઇંદુમતી**—ખોટો બકવાટ મૂકી દે, જોઇ તારી પંડિતાઇ, જીવવાની આશા હોય તો લાવ મારો હાર, ગમે તેમ કર પણ મારો હાર હાજર કર.

**રાજમાતા**—( દમયંતી તરફ જોઇને ) બેટા ! તેં લીધો હોય તો પાછો આપ. જોવામાં તો તું લે તેવી લાગતી નથી પણ મશ્કરી કરી હોય તો હું તને માફી આપું છું, વળી તું જે કહીશ તે તને આપીશ, બેનનો હાર લીધો હોય તો પાછો આપ.

**ઇંદુમતી**—માજી ! તમે તો દયાળુ છો, એ લુચ્ચી કાંઇ એમ ને એમ કાઢી આપશે ખરી કે ? ઘાણીએ ઘાલીને તેલ કાઢશું ત્યારે જ હાર નીકળવાનો.

**દમયંતી**—અવધિ ! અવધિ ! હે સત્યના બેલી વિશ્વવિધાતા પરમાત્મા ! મને આ આફતમાંથી બચાવો, મારી લાજ રાખો, હું સાચી છું પણ મારું સત્ય આજે ઢંકાઇ ગયું છે. હે દુખિયાના બેલી ! નોધારાના આધાર ! અજગરના મુખમાંથી બચાવનાર ! વ્યાઘ્રના અતિક્રમણથી રક્ષણ કરનાર ! જંગલના શિકારી પશુઓથી બચાવનાર હે શાસનદેવી ! આજે મૃત્યુ સમીપે આવીને ઊભી છું, તેમાંથી બચાવવા સત્યને પ્રગટ કરો !

( ભારે વિલાપ સાથે પ્રભુની સ્તુતિ કરે છે. )

આપ છો અનાથ નાથ, દીન હું ભિખારી;
બારણે પોકારૂં પ્રભુ ! પ્રાર્થના તમારી...આપ છો.
સર્વ સત્ય ચાલ્યું જાય, જીવન નાવ ઝોક ખાય;
ભકતવત્સલ થાવ સહાય, લો મને ઉગારી...આપ છો.
આપ માત તાત ભ્રાત, સુણી એક દીન વાત;
ટાળશો સંતાપ આપ, પ્રાર્થના સ્વીકારી...આપ છો.

રૂદનનો છેલ્લો શબ્દ—" બાઇ હાર તમારો જડજો, લેનારો તે ફાટી પડજો "

એવામાં અચાનક ટોડલો ફાટે છે ને હાર અંદરથી નીકળી પડે છે. સૌ આશ્ચર્ય પામે છે અને સત્યનો જય જયકાર થાય છે.

**ઇંદુમતી**—( ભારે આશ્ચર્ય સાથે ) અરે ! આ તો ટોડલામાંથી હાર નીકળી પડ્યો. બહુ નવાઇ જેવી વાત છે. આ તે દાસી કે દેવી ? માતાજી ! આ શું થયું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રાજમાતા**—બેટા! એ સત્યનો પ્રભાવ છે. બાઇની લાજ ઇશ્વરે રાખી છે. તારો હાર આવ્યો માટે આપણે પ્રભુનો પાડ માનવો જોઇએ, પરંતુ આ નિરપરાધી બાઇને માથે ચોરીનું કલંક ચડાવ્યું તેથી પ્રભુ નારાજ થશે.

**ઇંદુમતી**—માતાજી! આ બાઇને મેં ઘણું દુઃખ દીધું છે. મેણાંટોણાં આપવામાં બાકી રાખી નથી. ધન્ય છે એની ધીરજને. ગમે તેમ પણ આ દાસી તો નથી જ.

**રાજમાતા**—મને ઘણા વખત થયાં એ જ વિચાર આવ્યા કરે છે, અને આજના ચમત્કારથી તો નક્કી થાય છે કે આ કોઇ પરમ સાધ્વી સ્ત્રી છે. ( દમયંતી તરફ જોઇને ) બેટા! ખરૂં કહે તું કોણ છે?

**દમયંતી**—માસીબા, હું ભીમક રાજાની પુત્રી દમયંતી.

**રાજમાતા**—અરે! તું દમયંતી! એમ કહી પ્રેમથી ભેટી પડે છે, અને માથે હાથ ફેરવે છે ત્યાં તો કપાળ પરનું દુઃખના કારણે ઝાંખું પડી ગયેલું તિલક દેખાતાં દમયંતી છે એમ નક્કી થાય છે, જેથી ભારે પશ્ચાત્તાપ કરે છે. આ મારી બેનની દીકરી કે જેની પાસે મેં દાસી તરીકે કામ કરાવ્યું. પ્રભુ! પ્રભુ! પ્રભુ! બહુ અઘટિત કર્યું.

**ઇંદુમતી**—મારી વહાલી બેન! મને ક્ષમા આપ, મારો અપરાધ માફ કર, મેં તને દુઃખ દેવામાં બાકી રાખી નથી.

**દમયંતી**—માસીબા! આપનો કોઇ દોષ નથી. મારાં કર્મનો જ દોષ છે.

**રાજમાતા**—બાપુ! તું અહીં ક્યાંથી આવી ચડી અને આવી સ્થિતિ કેમ થઇ ગઇ?

**દમયંતી**—માસીબા, મારા વીતકની વાત હું તમને હવે પછી કહીશ.

---

# યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક

( ૪ )

લેખક—ડૉ૦ ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા. M. B. B. S.

( ગત વર્ષના પૃષ્ઠ ૩૧૧ થી શરૂ )

હવે ક્રિયાવંચકનું સ્વરૂપ વિચારીએઃ—

> तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।
> क्रियावञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ॥

અર્થાત્ તે જ સંતોના પ્રણામાદિ ક્રિયાનો નિયમ એ જ ક્રિયાવંચક યોગ છે, કે જે મહાપાપક્ષયના ઉદયરૂપ છે.

આવા જે ઉપર હમણાં જ કહ્યા તે શાંત, દાંત ને ક્ષાંત સાચા સત્પુરુષો—ભાવસાધુ-ઓ પ્રત્યે જ પ્રણામાદિ ક્રિયાનો નિયમ તે ક્રિયાવંચક છે. આત્માના સત્ સ્વરૂપનો યોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થયો છે એવા જે સાચા ભાવયોગી સત્પુરુષોનું સત્પુરુષસ્વરૂપે દર્શન થયું, તે સત્પુરુષો પ્રત્યે જ પ્રણામાદિ ક્રિયા કરવી તે ક્રિયાવંચક છે. અત્રે આદિ શબ્દથી સ્તવન, કીર્તન, વૈયાવચ્ચ, સેવા વગેરે ગ્રહણ કરવા.

જેને સત્પુરુષના સ્વરૂપનું-ગુણવંતપણાનું અદ્ભુત દર્શન થાય છે, તેના સ્વરૂપનું લક્ષ થાય છે, તેનો આત્મા પછી સહજ સ્વભાવે ભક્તિભાવથી તે સંતના ચરણકમળમાં ઢળી પડે છે, તેનો મનોયોગ તે સત્પુરુષના ગુણચિંતનમાં રમે છે, તેના વચનયોગને તે સત્પુરુષનું ગુણસ્તવન ગમે છે, તેનો કાયયોગ તે સત્પુરુષના ચરણે નમે છે, તેના સમસ્ત આત્મપ્રદેશ તે સત્પુરુષ પ્રત્યે પરિણમન-'પરિ-નમન' કરે છે. આમ તે સત્પુરુષ પ્રત્યેની ભક્તિક્રિયામાં મન-વચન-કાયાની સમસ્ત શક્તિથી તલ્લીન બને છે. મહાત્મા દેવચંદ્રજી ભાખે છે કે:—

"પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ;
સાધ્ય દૃષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ...શ્રી સંભવ.
દિવસ સફલ પણ તેહનો રે, જન્મ સફલ પણ તાસ;
જગત શરણ જિનચરણને રે, વંદે ધરિય ઉલ્લાસ...શ્રી સંભવ."

એટલે આવો ભક્તિવંત જીવ નિરંતર સત્પુરુષના વિનય, બહુમાન, આદર આદિ કરે છે; તનથી, મનથી, ધનથી, સર્વથી તેમની આજ્ઞા માથે ચઢાવે છે, અને સર્વાત્માથી તેમની વૈયાવચ્ચ-સેવા વગેરે કરે છે, કર જોડી તેમની સેવામાં ખડે પગે ઊભા રહે છે, તેમની સેવામાં તન, મન, ધન, સર્વ અર્પણ કરે છે. જો કે સત્પુરુષ પરિપૂર્ણ નિઃસ્પૃહ છે અને દેહાદિમાં પણ સર્વથા મૂર્ચ્છારહિત હોઇ પરમાણુ માત્રની પણ અપેક્ષા રાખતા નથી, તો પણ સત્પુરુષને પોતાના પરમ ઉપકારી જાણી આત્માર્થી મુમુક્ષુ જીવ તેમના ચરણકમળમાં આત્માર્પણ કરે છે-આત્મનિવેદન કરે છે, નિજ આત્માનું 'નૈવેદ્ય' ધરે છે અને ભાવે છે કે—

"અહો અહો શ્રી સદ્ગુરુ! કરુણાસિંધુ અપાર!
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.
શું પ્રભુ ચરણ કને ધરું? આત્માથી સહુ હીન;
તે તો પ્રભુએ આપિયો, વરતું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વરતો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન."

શ્રીમદ્ રાજચંદ્રજીપ્રણીત શ્રી આત્મસિદ્ધિ

ઇત્યાદિ પ્રકારે જે પરમ નિઃસ્પૃહી આત્મારામી સત્પુરુષ પ્રત્યે પ્રણામાદિ ભક્તિક્રિયા કરવામાં આવે છે, તે જ ક્રિયાવંચક યોગ છે, તે જ ક્રિયા અવંચક છે. ક્રિયા એવી કે જે કદી વંચે નહિં, ચૂકે નહિં, ફોગટ જાય નહિં, તે ક્રિયાવંચક. લક્ષ્યને-નિશાનને બરાબર તાકીને ફેંકવામાં આવેલા બાણની ગમનક્રિયા લક્ષ્ય ભણી જ હોય, અચૂક-અવંચક જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય, આડીઅવળી ન હોય, વંચક-ચૂકનારી ન હોય. તેમ સત્પુરુષના સ્વરૂપ-લક્ષ્યને બરાબર લક્ષમાં રાખીને કરવામાં આવેલી આ વંદનાદિ ક્રિયા પણ સાધ્યસ્વરૂપ લક્ષ્ય ભણી જ હોય, અવંચક-અચૂક જ હોય, આડીઅવળી ન હોય, વંચક-ચૂકનારી ન હોય. આમ આ ક્રિયાવંચક પ્રસ્તુત દૃષ્ટાંતમાં બાણની અવંચક ગમનક્રિયા બરાબર છે.

એટલે સત્પુરુષના સ્વરૂપ દર્શનરૂપ-ઓળખાણરૂપ યોગ પછીની જે કાંઇ વંદનાદિ ક્રિયા છે, તે જ અવંચક હોય છે, તે ઓળખાણ પહેલાંની જે ક્રિયા છે, તે વંચક હોય છે-સતફળથી ચૂકાવનારી હોય છે; કારણ કે અનંતકાળથી આ જીવે અનંત ક્રિયા કરવામાં કંઇ મણા રાખી નથી, અનંત પરિશ્રમ ઉઠાવવામાં કાંઇ બાકી રાખી નથી! અરે! આચાર્યચૂડામણિ શ્રીહરિભદ્રસૂરિજીએ શ્રી પંચાશક શાસ્ત્રમાં સ્પષ્ટપણે કહ્યું છે તેમ દ્રવ્ય શ્રમણપણાની અનંત ક્રિયા ઉત્તમ રીતે પાળીને આ જીવ ગ્રૈવેયકમાં પણ અનંત વાર ઉપજ્યો હતો. પણ તથારૂપ ભાવ વિના પરમાર્થથી તે બાપડાની આ બધી મહેનત પાણીમાં ગઇ છે; કારણ કે જીવનો આ બધો પ્રયાસ ઊલટી દિશામાં-ઊંધી દિશામાં હતો. ઊંધી દિશામાં લાખો ગાઉ કાપી નાંખ્યે શું વળે? સાચી દિશામાં એક ડગલું પણ વધે તો લક્ષ્યસ્થાન નિકટ આવતું જાય, પણ તેમ તો આ જીવે કર્યું હોતું ને તેથી તે રખડ્યો.

આ બધું નિષ્ફળ થયું, તેનું કારણ તેને સત્પુરુષનો યોગ થયો નહિં તે છે. સત્પુરુષનો ભેટો તો તેને અનેકવાર થયો હશે, પણ તેણે સત્પુરુષને તત્-સ્વરૂપે ઓળખ્યા નહિં, અને ઓળખ્યા વિના તેણે અનંતવાર વંદનાદિ ક્રિયા કરી, પણ તેથી કલ્યાણ થયું નહિં. સત્પુરુષનું સ્વરૂપ ઓળખી તેને જો એક વાર પણ ભાવવંદન-નમસ્કાર કર્યો હોત, તો તેનો ક્યારનો બેડો પાર થઇ ગયો હોત! કારણ કે 'જિનવરવૃષભ વર્ધમાનને એક પણ નમસ્કાર સંસારસાગરથી નર કે નારીને તારે છે.' એ શાસ્ત્રવચનથી એ પ્રતીત થાય છે. એમ એક વાર પણ જો તેણે આગમ રીતે વંદના કરી હોત, તો સત્ય કારણે કાર્યની સિદ્ધિ તેને પ્રતીત થઇ જાત.

> " इक्कोवि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स।
> संसारसागराओ तारेइ नरं व नारीं वा ॥ "
>
> " એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય;
> કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય...શ્રીસંભવ " શ્રી દેવચંદ્રજી

આમ તેણે સત્પુરુષને ઓઘે અનંતવાર વંદનાદિ કર્યું હશે-પણ ઓળખ્યા વિના. એટલે જ તેને આ વંદનાદિ ક્રિયા વંચક થઇ પડી, સતફળથી ચૂકવનારી-વંચનારી થઇ પડી! હા, તેથી શુભ બંધ થયો-પુણ્યોપાર્જન થયું, પણ સંસારપરિભ્રમણ અટક્યું નહિં; ચતુર્ગતિરૂપ અનેકાંત ફળ મળ્યું, પણ મોક્ષરૂપ એકાંત ફળ મળ્યું નહિ! વળી આ સ્વરૂપ લક્ષ્ય વિનાની અનંત ક્રિયા કરતાં પણ આ જીવ એવી જ ભ્રમણામાં હતો કે હું ધર્મ કરું છું, યોગ સાધુ છું, મોક્ષસાધક ક્રિયા કરું છું. અને એવી ભ્રાંત માન્યતાથી તે આત્મવંચના કરતો હતો, પોતે પોતાને વંચતો હતો, ઠગતો હતો; તેથી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બધી ક્રિયા વંચક, છેતરનારી, ઠગ હતી; કારણ કે આ ક્રિયાના ઓઠા હેઠળ તે પોતે પોતાને 'ધર્મિષ્ઠ' માની, વંચક ક્રિયાનું અભિમાન રાખી પોતાના આત્માને છેતરતો હતો અને સત્ફળથી વંચિત રહેતો હતો.

તાત્પર્ય કે-સત્પુરુષની સ્વરૂપ-પીછાન પછીની વંદનાદિ સમસ્ત ક્રિયા અવંચક જ હોય છે, અને તે જ ક્રિયાવંચક યોગ છે. આ ક્રિયાવંચક યોગ મહાપાપક્ષયના ઉદયરૂપ છે, અર્થાત્ એથી કરીને મહાપાપક્ષયનો ઉદય થાય છે, મહાપાપનો અત્યંત ક્ષય થાય છે. સત્પુરુષની ભક્તિથી નીચ ગોત્ર કર્મનો ક્ષય થાય છે, એટલે પરમ ઉત્તમ એવા સત્પુરુષના સેવનથી નીચગોત્રનું નામનિશાન પણ હોતું નથી. ઉત્તમના સંગથી ઉત્તમતા વધે છે.

" ઉત્તમ ગુણ બહુમાનથી સાહે૦, લહિયે ઉત્તમ ઠામ-ગુણ૦
ઉત્તમ નિજ મહિમા વધે સાહે૦, દીપે ઉત્તમ ધામ-ગુણ૦
શ્રી યશોવિજયજી

" રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતાજી,
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતાજી. નેમિ૦"
શ્રી દેવચંદ્રજી

હવે ફલાવંચક યોગનું સ્વરૂપ વિચારીએ:—

**फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः ।**
**सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ॥**

અર્થાત્—ફલાવંચક નામનો જે છેલ્લો યોગોત્તમ છે, તે કેવો છે? તો કે-હમણાં જ કહ્યા તે સંતોથકી જ નિયોગથી-નિયમથી જે સાનુબંધ ફલપ્રાપ્તિ છે, તે જ ફલાવંચક યોગ છે. તથાપ્રકારે સદુપદેશાદિવડે કરીને ધર્મ-સિદ્ધિ વિષયમાં જે સાનુબંધ ફલપ્રાપ્તિ અચૂકપણે-ચોક્કસ થાય છે, તે જ ફલાવંચક યોગ સંતોને સંમત છે.

જે સત્પુરુષના તથાદર્શનથી-સ્વરૂપઓળખાણથી યોગાવંચકની પ્રાપ્તિ થઇ, તથા યોગાવંચકની પ્રાપ્તિ થયે જે સત્પુરુષ પ્રત્યે જ વંદનાદિ ક્રિયાથી ક્રિયાવંચકની પ્રાપ્તિ થઇ, તે જ મહાનુભાવ સત્પુરુષના મહાપ્રભાવથકી જ ફલાવંચક યોગની પણ પ્રાપ્તિ હોય છે; કારણ કે જો યોગ અવંચક છે, તો ક્રિયા પણ અવંચક હોય છે, અને તેથી પ્રાપ્ત થતું ફલ પણ અવંચક હોય છે.—બાણની પેઠે.

બાણની જેમ, પરમાર્થમાં પણ એક જ નિશાન છે, એક જ લક્ષ્ય છે, અને તે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા મોક્ષ એ જ એક લક્ષ્ય છે-સાધ્ય છે. એટલે જે યોગ, જે ક્રિયા, તે એક મોક્ષ લક્ષ પ્રત્યે લઇ જાય, તે જ સફળ છે, બાકી બીજી બધી અફળ છે, અથવા તો એક મોક્ષરૂપ ફળને ચૂકી જઇ, ચારે ગતિમાં રખડવારૂપ અનેક ફળ આપનારી છે, આમ અવંચક એવા યોગ ક્રિયા ને ફળની એકતા છે, અને વંચક એવા યોગ ક્રિયા ને ફલની અનેકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે-સત્પુરુષની ઓળખાણ પહેલાના જીવને જે જે થતા હતા, તે બધા વંચક હતા, છેતરનારા હતા; કારણ કે સ્વરૂપલક્ષ્ય વિના જે જે અનંત ક્રિયા કરી, તેના તેના ફળ તો તેને અનેક મળ્યા, પણ તે સંસાર હેતુ સંસારપરિભ્રમણરૂપ હતા. દેવાદિ ગતિરૂપ ઇતર-ઉત્તર અનેકાનેક ફળ તેને પણ તે છૂટાછવાયા-વિશૃંખલ હતા, એક સાધ્ય લક્ષ્ય પ્રત્યે જ દોરી જનારા શૃંખલાબદ્ધ ન્હોતા. અથવા તો તેથી જે ફળપ્રાપ્તિ થતી હતી, તે સ્વરૂપસિદ્ધિરૂપ મોક્ષફળથી વિમુખ દિશામાં હતી, એટલે તે જીવ સ્વરૂપસિદ્ધિથી દૂર ને દૂર રહેતો અને આમ તે સત્-ફળથી વંચિત રહેતો હોવાથી તેને પ્રાપ્ત બધા ફળ વંચક હતા.

પણ હવે સત્પુરુષનો અવંચક યોગ થયા પછી ક્રિયા પણ અવંચક થશે, કૃપાળુ સત્પુરુષના કૃપાપ્રસાદથકી જ અવશ્ય અવંચક ફળનો યોગ હોય છે, સાનુબંધ ફળની પ્રાપ્તિ હોય છે. એક સત્ ફળ બીજાં સત્ ફળની સાથે જેમાં લાગેલું હોય છે, જેમાં ફળનો અનુબંધ ચાલુ રહે છે-તૂટી જતો નથી, તે સાનુબંધ પ્રાપ્તિ છે. જેમાં ફળ છૂટુંછવાયું—વિશૃંખલ નથી હોતું, પણ અંકોડાબંધ-શૃંખલાબદ્ધ હોય છે, તે એક સ્વરૂપ લક્ષ્યની દિશામાં દોરી જતું એક મોક્ષપ્રત્યયી ફળ તે સાનુબંધ ફળ છે. આમ એક એકથી ઉત્તરોત્તર ચઢીયાતા પુણ્યાનુબંધી પુણ્યના અનુબંધથી જીવ સ્વરૂપ લક્ષ્યની દિશામાં આગળ ને આગળ પ્રગતિ કરતો જાય છે ને સ્વરૂપની નિકટ આવતો જાય છે. આ સ્વરૂપપ્રત્યયી એક શ્રેણીરૂપ જે અખંડ ફળ-પરંપરા તેનું નામ જ સાનુબંધ ફળ અથવા ફલાવંચક છે.

આકૃતિ

| | |
|---|---|
| ૦૦૦૦<br>નિરનુબંધ ૦૦૦૦ અનેક<br>૦ ૦ ૦<br>વંચક ફલ | એક ૦-૦-૦-૦-૦-૦ સાનુબંધ<br><br><br>અવંચક ફલ |

આ સાનુબંધ ફલપ્રાપ્તિ તથાપ્રકારના સદ્ઉપદેશાદિથી હોય છે, કારણ કે સત્પુરુષના ચરણસેવનથી-તેમના 'પદકજ નિકટ નિવાસ'થી તેમના શ્રીમુખે સત્ વચનામૃતનો પરમ લાભ પ્રાપ્ત થાય છે, અને તે તથારૂપ યોગ્યતાવાળા તે પાત્ર જીવને પરિણમે છે. એટલે તે સત્પુરુષના સદ્ઉપદેશાનુસાર કરવામાં આવતી સ્વરૂપલક્ષી સમસ્ત ક્રિયાનું ફળ પણ અવંચક હોય છે, કારણ કે સ્વરૂપસ્થિત આત્મજ્ઞાની વીતરાગ સત્પુરુષનો ઉપદેશ સદા મુખ્ય એવા સ્વરૂપ-સાધ્યને અનુલક્ષીને જ હોય છે. શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષસિદ્ધિ જે જે પ્રકારે થાય તે તે પ્રકારે આચરવાનો તેમનો પ્રગટ સત્ ઉપદેશ હોય છે. સત્સ્વરૂપપ્રાપ્ત સત્પુરુષનો ઉપદેશ સત્ જ હોય, સત્સ્વરૂપ જ પોષે. એટલે સત્ સ્વરૂપને અનુલક્ષીને થતી પ્રત્યેક ક્રિયા પણ સ્વરૂપાનુસંધાનવાળી હોવાથી અવંચક ફલવાળી જ હોય છે. પરમતત્ત્વદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રકાશ્યું છે કે:—

" જીવને જ્ઞાની પુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી હોય, સાથે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણ-પણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે. વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાની પુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચ વિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે. ''

જુઓ, **શ્રીમદ્ રાજચંદ્ર**, પત્રાંક ૪૩૩.

અને આ જે સાનુબંધ ફલપ્રાપ્તિ કહી, તે પણ ધર્મસિદ્ધિ વિષયમાં જ સંતોને સંમત છે; નહીં કે અન્ય વિષયમાં; કારણ કે સત્પુરુષો કેવળ ' ધર્મસિદ્ધિ ' સિવાય બીજા કોઈ ફળને ઇચ્છતા જ નથી. જેમ બને તેમ આત્માનો શુદ્ધ સ્વભાવ ધર્મ પ્રગટે, આત્મા સ્વભાવ ધર્મમાં આવે, નિજ સ્વભાવ સાથે યોગરૂપ ધર્મની સિદ્ધિ થાય, એમ જ તેઓ નિરંતર ઇચ્છે છે–ઝંખે છે, અને પ્રભુ પાસે પ્રાર્થે છે. જેમ કે—

" **શ્રી સીમંધર** જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ જે પ્રગટ્યો તુમચો, પ્રગટો તેહ અમારો રે.
સ્વામી ! વિનવિયે મન રંગે. "

" શ્રી યુગમંધર વિનવું રે, વિનતડી અવધાર રે–દયાળરાય;
એ પરપરિણતિ રંગથી રે, મુજને નાથ ઉગાર રે–દયાળરાય."

—મહામુનિ શ્રી દેવચંદ્રજી

બાકી ઇંદ્ર–ચક્રવર્તી આદિ પદવીરૂપ ફળને તે નિષ્કામ સંતજનો કદી ઇચ્છતા જ નથી, છતાં અચિંત્ય ચિંતામણિ સમા ધર્મરત્નના પ્રભાવથી તે પ્રાપ્ત થવા કાંઈ દુર્લભ નથી. યોગરૂપ ધર્મરત્નની સિદ્ધિથી તેની આનુષંગિક પ્રાપ્તિ પણ હોય છે; પણ તે તો જારની પાછળ સાંઠા હોય છે તેના જેવી છે. સત્પુરુષો કાંઇ તેવા આનુષંગિક ફળમાં રાચતા નથી, અને તેથી ભોળવાઇ જઇ મૂળ સ્વરૂપ લક્ષ્યને ચૂકતા નથી; કારણ કે પશુ હોય તે સાંઠા–કડબ ઇચ્છે, ને મનુષ્ય તો જાર જ ગ્રહણ કરે. તેમ સાંઠા જેવા આનુષંગિક–સાથે સાથે થતા ફળને પશુ જેવા બાળ જીવ જ ઇચ્છે, પણ પંડિત સંતજન તેથી ફોસલાય નહિં, તે તો જાર જેવા, મુખ્ય મોક્ષફળને જ ઇચ્છે. તે તો ' પાકા વાણીઆ ' જેવા સ્વાર્થપટુ હોઇ આત્માર્થરૂપ મુખ્ય મૂળ મુદ્દાને કદી ભૂલે નહિં ।

આમ આ ત્રણ અવંચક–યોગાવંચક, ક્રિયાવંચક ને ફલાવંચક–નું સંક્ષેપે સ્વરૂપ છે, જે અમે સુજ્ઞ મેધાવી જનોની સુવિચારણાર્થે યથામતિ વિવેચ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અપીલ.

ગયા અંકમાં જણાવી ગયા બાદ " **શ્રી જૈનધર્મ પ્રકાશ સહાયક ફંડ** " માં નીચે પ્રમાણે સહાયની રકમ મળી છે, જે સાભાર સ્વીકારીએ છીએ. આ બાબતમાં વઢવાણકેંપનિવાસી ભાઈ મગનલાલ મોતીચંદ શાહે પોતાના સ્થળમાં પ્રયાસ કરી સહાયક ફંડમાં રૂા. ૫૦) મોકલી આપ્યા છે, જે લાગણી ખરેખર પ્રશસ્ય છે. અન્ય સ્થળના બંધુઓને વિજ્ઞપ્તિ છે કે-તેઓ આવો પ્રયાસ કરે અને પોતાનો ફાળો હજી સુધી મોકલી ન આપ્યો હોય તો સત્વેળા મોકલી આપે:

| | |
|---|---|
| ૮૦।= અગાઉના | ૧૧ શાહ રાયચંદ મુળજી-બનારસ |
| ૧૧) આણંદજી કલ્યાણજીની પેઢી જોરાવરનગર હ. શાંતમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજી | ૧૧) મેતા પાનાચંદ ડાકરશી-વઢવાણકેમ્પ |
| | ૫) શાહ મગનલાલ મોતીચંદ ,, |
| | ૫) ગોસળીયા હંસરાજ દેવચંદ ,, |
| ૧૦) શાહ અમૃતલાલ મોહનલાલ-ધીણોજ | ૫) શેઠ રાયચંદ પ્રેમચંદ ,, |
| ૧૦) શાહ ચંદુલાલ કાળીદાસ-ધીણોજ | ૫) ભાવસાર ત્રિકમલાલ નાનજીભાઈ ,, |
| ૬) શાહ કેશવલાલ પુંજીરામ-ખેરવા | ૫) શેઠ મથુરદાસ નાગરદાસ ,, |
| ૫) શાહ ભોજપાલ કેશવજી-પાલીતાણા | ૫) મેતા શાંતિલાલ ચીમનલાલ ,, |
| ૫) શાહ જેઠાભાઈ આસુભાઈ-મુંબઈ | ૫) શાહ જમનાદાસ ઉજમશી ,, |
| ૫) ટોળીયા હસમુખભાઈ ગુલાબચંદ-રાજકોટ. | ૨) શાહ ધનજી પ્રેમચંદ ,, |
| | ૨) શાહ કરસનદાસ છગનલાલ ,, |
| ૨) શાહ ગુલાબચંદ માણેકચંદ ભરૂચ | ૧૮૮॥= |

## " શ્રી જૈનધર્મ પ્રકાશ " પાંચમી તારીખે પ્રગટ થશે.

હર વર્ષે અંગ્રેજી વર્ષની શરૂઆતમાં " પ્રકાશ "ની પ્રકાશન તારીખ નક્કી કરવી પડે છે. ૧૯૪૮ ના જાન્યુઆરીથી પ્રકાશન તારીખ ૫ મી નિર્ણીત થઈ છે. લેખકોને વિજ્ઞપ્તિ કે તેઓ પોતાના લેખો તા. ૧૫ મી લગભગ મોકલી આપે.

### માર્ગશીર્ષ-પોષનો સંયુક્ત અંક.

માર્ગશીર્ષનો તા. ૨૧ મી ડીસેમ્બરનો અંક પ્રકટ કર્યા પછી પોષનો અંક તરતજ ૫ મી જાન્યુઆરીએ કાઢવો પડે એટલે આ માર્ગશીર્ષ-પોષનો સંયુક્ત બહાર પાડ્યો છે. હવે પછીનો માહ માસનો અંક તા. ૫ મી ફેબ્રુઆરીએ પ્રસિદ્ધ થશે.

## પૂજા ભણાવવામાં આવશે.

આગામી પોસ શુદિ ૧૧ ના રોજ સ્વ. શ્રી કુંવરજીભાઈ આણંદજીની તૃતીય સંવત્સરી હોઈ **શેઠ છોટાલાલ નાનચંદ** તથા બહેન જશકોર કુંવરજી તરફથી સભાના મકાનમાં પ્રભુજી પધરાવી પૂજા ભણાવવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## નવું સાહિત્ય.

**ભગવાન ઋષભદેવ : લેખક : રા. જયભિખ્ખુ.**

નૂતન યુગને અનુરૂપ સાહિત્ય વાંચવું હોય તુરત મંગાવો. પ્રસિદ્ધ અઠવાડિક જુઓ —**ફૂલછાબ**માં પ્રગટ થયેલો અભિપ્રાય શું કહે છે:—

"શ્રી જયભિખ્ખુએ નવલકથામાં સર્વ પ્રસંગો ગૂંથ્યા છે; વાર્તા સરલ રીતે, શુદ્ધ સુવાચ્ય ઢબે, લખવામાં આવી છે. નવી સમાજરચનાના પ્રસંગો, સુનંદાનો સ્વીકાર, ભગવાન ઋષભદેવનો ગાદીત્યાગ, વિદાય વખતનો તેમનો ઉપદેશ, એ સર્વનું આલેખન સચોટ અને જૈન શાસ્ત્રકથાઓથી અનભિજ્ઞ વાચકને પણ રસપ્રદ બને તેવું છે." ઇત્યાદિ.

સુંદર મહોદય પ્રેસની છપાઇ તેમજ જેકેટ સાથેનું
બાઇન્ડીંગ, પૃષ્ઠ ૩૬૫, મૂલ્ય. રૂા. ૪-૮-૦

**દ્વાષષ્ટી માર્ગણાસંગ્રહ. [યંત્રપૂર્વક] લેખક: મુનિશ્રી વિશાલવિજયજી**

હાલમાં જ પ્રકટ થએલો આ ગ્રંથ કર્મગ્રંથ વિગેરેના અભ્યાસીઓ, સાધુ, સાધ્વીઓ તેમજ જ્ઞાનભંડારો માટે અનેક ગ્રંથોનું દોહન કરી મુનિરાજશ્રીએ ખાસ મહેનતથી આ ગ્રંથ તૈયાર કરેલો છે. અને ઉપયોગી જણાયાથી સ્વ. શ્રેષ્ઠિવર્ય કુંવરજીભાઇ આણંદજીએ આ ગ્રંથ તપાસીને છપાવવા માટે પ્રેરણા કર્યાથી પ્રકટ કરવામાં આવેલ છે. આ વિષયના વિદ્વાન ઉપાધ્યાયશ્રી ધર્મવિજયજી ગણિવર્યે આ ગ્રંથની વિસ્તાર યુક્ત પ્રસ્તાવના લખી વિષયને સ્પષ્ટ કરી ગ્રંથને વધારે ઉપયોગી બનાવેલ છે.

ડબલ ક્રાઉન ૮ પેજી સાઇઝ, સુંદર બાઇન્ડીંગ, પૃષ્ઠ ૨૭૫ લગભગ હોવા છતાં પડતરથી ઓછી કિંમત રાખવામાં આવેલ છે. કોપીઓ બહુ જ ઓછી છપાવી છે માટે આપના સંગ્રહ માટે તરત મંગાવી લ્યો. કિંમત ફક્ત રૂા. ૩) ત્રણ.

લખો:—**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ-ભાવનગર.**

**શાન્તમૂર્તિ મુનિરાજશ્રી જયંતવિજયજીકૃત:—**

| | | | |
|---|---|---|---|
| અચલગઢ સચિત્ર | ૧-૪-૦ | ચિત્રમય શંખેશ્વર [ આલ્બમ ] | ૦-૬-૦ |
| ચિત્રમય અચળગઢ [ આલ્બમ ] | ૦-૮-૦ | શંખેશ્વર સ્તવનાવલી | ૦-૮-૦ |
| હમ્મીરગઢ સચિત્ર | ૦-૬-૦ | રાજા શ્રીપાલ (રા. જયભિખ્ખુ) | ૦-૮-૦ |
| શંખેશ્વર મહાતીર્થ ભાગ ૧ લો | ૧-૬-૦ | | |

લખો:—**શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા, હેરિસ રોડ-ભાવનગર.**

---

## દેવસીરાઈ પ્રતિક્રમણ—સાર્થ.

જેમાં શબ્દાર્થ-અન્વયાર્થ-ભાવાર્થ અને ઉપયોગી ફુટનોટ આપવામાં આવી છે. શ્રી જૈન શ્વે. **એજ્યુકેશન બોર્ડ** અને **રાજનગર**ની ધાર્મિક પરીક્ષાનો કોર્સ પણ દાખલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી થઇ પડે તેવી શૈલી રાખવામાં આવી છે. કીંમત રૂા. રાા. લખો—

**પોપટલાલ સાકરચંદ શાહ**, ધીકાંટા, કીકાભટની પોળ—**અમદાવાદ.**

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.


For Private And Personal Use Only